જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૭-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

# ૧ લાખ ખેડૂતો ૨૯ નવેમ્બરે સરકાર સામે ચઢાવશે બાંયો

અમદાવાદ

છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોની આત્મહત્યાના સમાચાર સામે આવી રહ્યા છે, જે એક ચિંતાનો વિષય બની ગયો છે. ત્યારે પોતાની સમસ્યાઓને લઈને દેશભરમાં ખેડૂતો ફરી એકવાર મોદી સરકાર સામે ઉગ્ર રોષ ઠાલવશે. ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ ખેડૂતો વિશાળ રેલીનું આયોજન કરવા જઈ રહ્યા છે. ઓલ ઈન્ડિયા કિસાન સંઘર્ષ કો-ઓર્ડીનેશન કમિટીના કન્વેનર૨ હન્ન મોલ્લાહે જણાવ્યુ કે, દેશના ૨૦૮ જેટલા ખેડૂત સંગઠન સાથે મળી ૨૯ નવેમ્બરે દિલ્હીમાં સરકાર સમક્ષ પોતાની માંગો રજૂ કરશે. અન્ય એક ખેડૂત નેતાએ જણાવ્યુ કે, આ રેલીનું આયોજન મોદી સરકાર ખેડૂતોની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં નિષ્ફળ રહી છે તેને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યુ છે. ઓલ ઈન્ડિયા કિસાન સભાના નેશનલ સેક્રેટરી અતુલ અંજાને જણાવ્યુ કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, આંધ્રપ્રદેશ, કેરળ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યા છે. આ રેલીમાં એક લાખથી વધુ ખેડૂતો જોડાય તેવી શક્યતા છે, જેને પગલે અત્યાર સુધીની સૌથી મોટી રેલી બની રહેશે. ખેડૂત સંગઠનોએ માંગ કરી હતી કે સંસદમાં સરકાર એક વિશેષ સત્ર બોલાવે અને બે મહત્વપૂર્ણ બિલોને રજુ કરે. જેમાં ખેડૂતોના દેવા અને ટેકાના ભાવોનો સમાવેશ થાય છે. ઉપરાંત ખેડૂતોની જે સમસ્યાઓ છે તેના નિરાકરણ માટે પણ પગલા લેવામાં આવે. ખેડૂતોની દેવા માફી માટે એક રાષ્ટ્રીય કમિશનની પણ રચના કરવામાં આવે. મહત્વનુ છે કે, આ આંદોલનમાં ગુજરાતના પણ હ જારો ખેડૂતો સામેલથશે.

## ચૂંટણીમાં જાતિવાદનો રંગ ભેળવનાર કોંગ્રેસ પોતાના ભ્રષ્ટાચારની વાત કરેઃ મોદી

ભીલવાડા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ભીલવાડામાં કહ્યુ કે કોંગ્રેસ જાતિવાદી પાર્ટી છે, તેના નેતા મારી જાતિ પૂછે છે. મોદીએ સોમવારે અહીં કહ્યુ, કોંગ્રેસ જાતિવાદને પ્રોત્સાહન આપે છે. તે પૂછે છે કે મોદીની જાતિ શું છે, જ્યારે દેશના પીએમ વિદેશ જાય છે ત્યારે સામેવાળાને તેમની એક જ જાતિ દેખાય છે અને તે છે સવા સો કરોડ હિંદુસ્તાની. કોંગ્રેસે કામ કર્યુ હોય તો હિસાબ આપે. તમે તો જાતિ કઈ છે, પિતા કોણ છે એ જ પૂછતા રહેશો. ભાજપના ઉમેદવારોના પક્ષમાં મત માંગવા ભીલવાડા પહોંચેલા મોદીએ ચૂંટણી રેલીમાં આ વાત કહી. નરેન્દ્ર મોદીએ કહ્યુ કે માઓવાદી હંમેશા નિર્દોષોને મોતના ઘાટ ઉતારતા રહે છે. હાલમાં જ તેમના હુમલામાં નવયુવાન શહીદ થઈ ગયો. જે નક્સલીઓએ ભરતપુરના જવાનને પીઠ પર વાર કરીને મોતને ઘાટ ઉતાર્યો તે જ નક્સલીઓને કોંગ્રેસ નેતા ક્રાંતિકારી હોવાનું સર્ટિફિકેટ આપી રહ્યા છે.

## સેના-નક્સલીઓ વચ્ચે અથડામણઃ આઠ નક્સલી ઠાર, બે જવાન શહીદ

સુકમા

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત સુકમામાં સેના અને નક્સલીઓ વચ્ચે થયેલ અથડામણમાં આઠ નક્સલીઓ ઠાર થયા છે. આ અથડામણમાં બે જવાનો પણ શહીદ થયા છે. સુકમાના એસપી અભિષેક મીણાએ જણાવ્યું કે, એનકાઉન્ટરમાં સોમવાર સવારે સકલાર ગામમાં થયુ હતું. આ અથડામણમાં એસટીએફ અને ડીઆરજીએ સાથે મળીને આ ઓપરેશન હાથ ધર્યું હતું.

સુકમા એસપી અભિષેક મીણાએ જણાવ્યું કે, 'અથડામણમાં સાતથી આઠ નક્સલવાદીઓ માર્યા ગયા છે જ્યારે અમારા બે ડીઆરજી જવાન પણ શહીદ થયા છે. એસટીએફ અને ડીઆરજીએ સાથે મળીને આ એનકાઉન્ટર કર્યું હતું. સુકમા જિલ્લાના સકલાર ગામમાં નક્સલીઓ છુપાયા હતા.

આ પહેલા છત્તીસગઢના નક્સલ પ્રભાવિત સુકમામાં પોલીસ અને નક્સલીઓ સાથે થયેલ અથડામણમાં એક નક્સલી ઠાર કરાય હતો. જ્યારે એક અન્ય ઓપરેશનમાં નક્સલીઓ પ્રભાવિત સુકમા જિલ્લામાં એક દારૂગોળો ભરેલી ટનલમાં વિસ્ફોટ થતા એક પોલીસ જવાન શહીદ થયા હતા તેમજ અન્ય બે જવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

## નાગરિકનું શબ લેવા ગયેલ પોલીસને પણ ભાગવુ પડ્યું

પોર્ટબ્લેયર

અંડમાન - નિકોબારમાં અમેરિકી નાગરિક જોન એલન ચાઉને ઠાર મરાયા બાદ શનિવારે પોલીસ વિચિત્ર પરિસ્થિતીમાં મુકાઈ ગઈ છે.

અમેરિકી નાગરિકના શબને સોધવા માટે પોલીસ ટાપુ પર પહોંચી હતી. પરંતુ સ્થાનિક આદિવાસીઓ હાથમાં તીર કામઠા સાથે આવી પહોંચતા પોલીસ પણ થોડા સમય માટે ગભરાઈ ગઈ હતી. જેના કારણે પોલીસ ટીમ આખરે ત્યાંથી પોચા પગલે પરત ફરી ગઈ હતી.

## ૨૬૦ કરોડનુ ફુલેકુ ફેરવનાર વિનય શાહ કાઠમંડુથી ઝડપાયો

અમદાવાદ

એકના ડબલ કરવામાં અબજો રૂપિયાના કૌભાંડ અમદાવાદમાં પ્રકાશમાં આવ્યા હતા. જેમાં અશોક જાડેજાથી લઈને વિનય શાહ સુધીના લોકો એકના ડબલ કરવાની લાલચ આપીને અબજો રૂપિયા પડાવી પલાયન થઈ ગયા હતા. ત્યારે તાજેતરમાં જ આચરવામાં આવેલ આવા જ એક કૌભાંડી વિનય શાહને ભારે જહેમત બાદ પોલીસે નેપાળના કાઠમંડુથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને અમદાવાદ લાવવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

૨૬૦ કરોડ રૂપિયાના કૌભાંડ કરનાર વિનય શાહની નેપાળના કાઠમંડુમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. અમદાવાદમાં એકના ડબલ કરવાની લાલચે લોકોના રૂપિયા ચાંઉ કરી જનાર વિનય શાહ છેલ્લા કેટલાક દિવસોથી નેપાળમાં છુપાયો હોવાની બાતમી મળતા ગુજરાત પોલીસે નેપાળ પહોંચીને અને વિનય શાહને ઝડપી લીધો છે.

ઉલ્લેખનીય છે કે, વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ પાલડીમાં રહેતા એક કપલે આ પોન્ઝી સ્કિમ ચલાવીને અનેક લોકો પાસેથી પૈસા સેરવી લીઈને કપલ રફુચક્કર થઈ ગયા છે.

થોડા દિવસ પહેલા પાલડીના કપલ વિનય શાહ અને ભાર્ગવી શાહ વિરુદ્ધ માર્કેટિંગના બિઝનેસ દ્વારા એકના ડબલ પૈસા કરવાની લાલચ આપી છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ જ સમગ્ર કૌભાંડ પરથી પરદો હટ્યો હતો.

અત્યાર સુધીમાં શાહ દંપતિ વિરુદ્ધ છેતરપિંડીની પાંચ ફરિયાદો નોંધાઈ છે.

કોઈ આપે ઓછે ભાવ કે ઓછી મજુરી પણ સૌથી સસ્તું તો આપે એક જ

આર.એ.પરીખ જવેલર્સ બીલીમોરા (પશ્ચિમ)

એન્ટીક, જડતર, કલકત્તી, પ્લેઈન ગોલ્ડ, રોઝ ગોલ્ડ, રીયલ ડાયમંડની અસંખ્ય ડિઝાઈનો

વર્લ્ડ-ક્લાસ બ્રાંડસ, સંપૂર્ણ પારદર્શિતા

મો. ૯૬૨૪૧૧૧૮૯૯

ફર્નીચર તથા ડેકોરને લગતી તમામ ઈચ્છાઓ અહીં પુરી થશે!

નવી સાજ-સજાવટ તથા ફર્નીચર સાથે આપના ઘરને ફરીથી શણગારો!

FURNITURE FAIR 2018

સમય

સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૩૦

તારીખ: 23 | 24 | 25 | 26 NOVEMBER 2018

સ્થળ: સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર (S.I.E.C.C.) ડોમ, સરસાણા, અલથાણ રોડ, સુરત.




iadsandevents.com
iadsnevents
+91 99874 39525
+91 89762 00235
ENTRY ₹30
Event Organiser iads & events COMPLETE BUSINESS SOLUTIONS

HONDA The Power of Dream

માનસી મોટર્સ રજુ કરે છે...

અંકલેશ્વર GIDC તથા આસપાસના માનવંતા રહિશોની ઉતકૃષ્ટ સેવા માટે હોંડા ટુ-વ્હીલરની નવી બ્રાંચ

તા.૨૩.૧૧.૨૦૧૮ (શુક્રવાર)
(સમય : સવારે ૧૧:૦૦ કલાકે)

:: સ્થળ ::

G/25/26/27, ગણેશ આર્કેટ, ૫૦૦ કવાર્ટસ રોડ, GIDC, અંકલેશ્વર.

જ્યાં હોંડા ટુ-વ્હીલરના તમામ મોડલ હાજર સ્ટોકમાં મળશે તથા દરેક મોડલ ની સર્વિસ પણ ઉપલબ્ધ રહેશે.



માનસી મોટર્સ

અંકલેશ્વર : રાજકમલ આર્કેટ, જીઆઈડીસી સ્ટેશન રોડ, મેગા ઓટોમોબાઈલસની સામે, જુનો ને.હા.નં. ૮, ફોન : (૦૨૬૪૬) ૨૨૦૬૪૫, મો. ૯૨૨૭૨૮૫૬૦૦, ૯૨૨૭૨૮૫૬૦૧

બ્રાન્ચ : શોપ નં. ૧,૨,૩ નગરપાલિકા શોપિંગ સેન્ટર, ત્રણ રસ્તા સર્કલ, અંકલેશ્વર. ફોન નં.: (૦૨૬૪૬) ૨૪૪૬૦૪, મો. ૭૫૭૫૮૦૦૨૯૦ , ૭૫૭૫૮૦૦૩૯૦

તમારી મનપસંદ હ્યુન્ડાઈ કાર ખરીદવા માટે શોરૂમ પર પધારો



દરેક કાર રેડી ડિલીવરી

નવજીવન હ્યુન્ડાઈ

ઉધના - પુણાકુંભારીયા - અડાજણ

93766 93766

# સૂરવાણી સંસ્થા ધ્વારા રાઘવજીભાઈ સ્મરાંણજલિ કાર્યક્રમ યોજાયો



વડોદરા : વડોદરામાં સન : ૧૯૯૩થી લોકકલા, લોક સાહીત્ય તથા લોક સંગીતને પ્રોત્સાહન મળે તે માટે રાઘવજીભાઈ રૈયાણીએ સૂરવાણી સંસ્થાની સ્થાપના કરી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિને વડોદરામાં ઉજાગર કરવાનો ભેખ લઈને બેઠા હતા. સૂરવાણી સંસ્થા દર વર્ષે ચાર થી પાંચ સાંસ્કૃતિક કાર્યક્રમોનું છેલ્લા ૨૫ વર્ષથી આયોજન કરી રહ્યુ છે. સૂરવાણી સંસ્થા સાહિત્ય, કલા અને સંગીતના નવોદિત કલાકારોને પ્રોત્સાહન તથા કાર્યક્રમમાં તક આપી એમની પ્રતિભા આવી લોકકલાને ઉજાગર કરનાર વ્યક્તિવિશેષ સ્વ. રાઘવજીભાઈ રૈયાણીને સ્મરણાજંલી રૂપે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વડોદરા ખાતે લોક લાડીલા સાંઇરામ દવેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના પ્રમુખ કાનાણીએ જણાવ્યુ હતુ કે રાઘવજીભાઈએ અજોડ ◦ કલાકારોને ઉજાગર કર્યો સાથો સાથ સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતીને પણ જાળવી રહ્યાં છે. સાંઇરામ દવેનો પણ આ સંસ્થા ધ્વારા આઠમો કાર્યક્રમ છે. છેલ્લા ૨૫ વર્ષથી આ કલા-સંસ્કૃતિને જાળવી રાખનાર રાઘવજી ભાઈએ સ્મરણાંજલી રૂપે આ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે સાંઇરામ દવેએ પણ રાઘવજીભાને યાદ કરી જણાવ્યું હતું કે હું પણ નવિદિત કલાકાર હતો ત્યાંરથી આ સંસ્થા સાથે જોડાયેલ રહ્યો છું. રાઘવજીભાઈએ સૌરાષ્ટ્રની કલા અને સંસ્કૃતિની જાળવી રાખી અમારા કેટલાય કલાકારોને પ્રોત્સાહિત પણ કર્યા હતાં. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં આજે સૌરાષ્ટ્રની કલા અને સંસ્કૃતિને માણી ભરપૂર આનંદ માણ્યો હતો.

# ભુજ એલ.સી.બી.એ ૬ જીલ્લામાંથી હદપાર થયેલ આરોપીને પકડી પાડયો



ભુજ કચ્છ: પશ્ચિમ કચ્છ જીલ્લામાંથી હદપાર થયેલા ઈસમો પૈકી અમુક ઈસમો હદપારીનો ભંગ કરી લપાતા છુપાતા પરત આવી જાય છે તેવી જાણકારી પોલીસને મળતાં પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા સાહેબના સુચનાથી અને ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એમ.બી.ઔસુરા તથા પોલીસ સબ ઈન્સ.શ્રી એ ચ.એ સ.તિવારીના માર્ગદર્શન હેઠળ એ લ.સી.બી.,પશ્ચિમ કચ્છની એક ટીમ મુન્દ્રા વિસ્તારમાં પેટ્રલીગમાં હતી તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે,એસ.ડી.એમ. શ્રી,મુન્દ્રાના નં.મેજી./ હદપારી/કેસ નં.૫૫/ ૧૭,તા.૨૬/૦૪/૧૮ વાળા હુકમથી હરી જખુ ગઢવી,ઉ.વ.૫૨,રહે.ગામ-વવાર વાડી વિસ્તાર,તા.મુંદરા વાળાને તા.૧૫/૦૪/૧૮ ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર જીલ્લાઓમાંથી હદપાર કરવામાં આવેલ હતો જે મજકુર હદપારીનો ભંગ કરી વવાર વાડી વિસ્તારમાં મજકુર પોતાના ઘરે છે તેવી બાતમી મળતાં જેથી આજરોજ સાંજના એલ.સી.બી.ની ટીમ તપાસ કરતાં મજકુર આજરોજ કલાક.૧૯:૦૦ વાગ્યે મળી આવતાં મજકુર ઈસમને અટક કરી જી.પી.એકટ કલમ ૧૪૨ મુજબની ફરીયાદ મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં ધોરણસર થવા દાખલ કરાવી આગળની કાર્યવાહી થવા મુન્દ્રા મરીન પો.સ્ટે.માં સોંપી આપેલ છે.

# નખત્રાણાના દેવીસરની સીમ વિસ્તારમાંથી થયેલ કેબલ ચોરીનો ભેદ ભુજ એલ.સી.બી. ઉકેલ્યો



ભુજ કચ્છ: આજરોજ પોલીસ અધિક્ષક એમ.એસ.ભરાડા પશ્ચિમ કચ્છ ભુજના માર્ગદર્શન તથા એલ.સી.બી. ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.ઔસુરા તથા એ લ.સી.બી.ભુજના પોલીસ સબ ઈન્સ. એચ.એસ.તીવારી સાહેબની સુચનાથી એલ.સી.બી. પશ્ચિમ કચ્છ-ભુજની એક ટીમ નખત્રાણા તાલુકા વિસ્તારમાં નાઈટ પેટ્રોલીગ હતી દરમ્યાન બાતમી હકીકત આધારે નખત્રાણા તાલુકાના દેવીસર ગામની સીમમાંથી આરોપી જીલેન જયંતિલાલ પીત્રોડા ઉ.વ.૨૩ રહે.ગામ-માધાપર, જુનાવાસ, મેઈન બજાર, પંચાયતની બાજુમાં, તા.ભુજ વાળાના કબ્જા માંથી આધાર પુરાવા કે બીલ વગરના એલ્યુમીનીયમના કન્ડકટર વાયરના નાના મોટા વિટલા નંગ.૧૩ આશરે વજન ૮૫૦ કિ.ગ્રા. અદાજીત કિ.રૂા. ૧,૧૯,૦૦૦/-નો મુદામાલ શક પડતી મિલ્કત તરીકે સી.આર. પી.સી.કલમ-૧૦૨ તળે તપાસ અર્થે કબ્જે કરી તથા મજકુર ઈસમને સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી,મુજબ અટક કરી અને આ કબ્જે કરેલ મુદામાલ બાબતે મજકુર ઈસમને પુછપરછ કરતા તથા તેમજ આ અંગે ખરાઈ કરી કરેલ છે. નખત્રાણા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૦૪/ ૨૦૧૮ ઈ.પી.કો. કલમ.૩૭૯ મુજબના ગુન્હા કામેનો હોય જેથી આ કમેની વધુ તપાસ માટે નખત્રાણા પોલીસ સ્ટેશન તરફ આરોપી તથા મુદામાલ મોકલી આપેલ છે. આમ વણશોધાયલ ગુનો શોધી કાઢતી એલ.સી.બી પશ્ચિમ કચ્છ-ભુજ.

# સામાજિક સમરસતા સમિતિ વિરમગામ દ્વારા ડિસેમ્બર મહીનામાં સામાજિક સમરસતા મહાયજ્ઞ કરવામાં આવશે



સામાજિક સમરસતા સમિતિ વિરમગામ તાલુકા દ્વારા રામ મહેલ મંદિર ખાતે નૂતન વર્ષે સ્નેહ મિલન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામાજિક સમરસતા સમિતિ વિરમગામ દ્વારા ડિસેમ્બર મહીનામાં કરવામાં આવનાર સામાજિક સમરસતા મહાયજ્ઞ અંગે પુર્વ તૈયારીઓની વિચારણા કરવામાં આવી હતી. સામાજિક સમરસતા સમિતિ વિરમગામ તાલુકાના સ્નેહ મિલન કાર્યક્રમમાં સામાજિક સમરસતા સમિતિ વિરમગામના સંયોજક ભુપેન્દ્રભાઈ પટેલ, ભરતભાઈ ગોસ્વામી, ભરતભાઈ પ્રજાપતિ, યોગેશભાઈ પટેલ, ચન્દ્રકાંતભાઈ રાઠોડ, પુંજાભાઈ મારવાડી, રવિભાઈ, કાન્તિભાઈ ઠાકોર, દિલીપભાઈ મકવાણા, નીલકંઠભાઈ વાસુકિયા સહિત મોટી સંખ્યામાં વિવિધ સમાજના લોકો પરીવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, સામાજિક સમરસતા સમિતિ વિરમગામ દ્વારા ડિસેમ્બર મહિનામાં સામાજિક સમરસતા મહાયજ્ઞ કરવામાં આવનાર છે, જેમાં સમસ્ત હિન્દુ સમાજ સહભાગી બનશે. રામ મહેલ મંદિર વિરમગામ ખાતે સામાજિક સમરસતા સમિતિ વિરમગામની બેઠક માટે રામ મહેલ મંદિર દ્વારા જરૂરી વ્યવસ્થાની કાળજી રાખવામાં આવી હતી.

# આજે શ્વેતક્રાન્તિ ના પ્રણેતા ડૉ વર્ગીસ કુરીયનના જન્મદિવસ ને નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવવામાં આવ્યો

**ભરૂચ-નર્મદા જીલ્લાની ધી ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી દૂધધારા ડેરી માં પણ આજના દિવસ ની અનોખી ઉજવણી કરવામાં આવી.**

સોમવારના રોજ વહેલી સવારે ૬.૦૦ કલાકે ૨૨ જેટલા બાઇકસેં આણંદ ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે રવાના થયા આ પ્રસંગે ફ્લેગ ઓફ કરી ને ભરૂચ થી બાઇક રેલી દૂધધારા ડેરીના મેનેજિંગ ડિરેક્ટર પી.કે.પટેલે શુભેચ્છા સહ રવાના કરી.આણંદ ખાતે કાર્યક્રમમા જમ્મુ તેમજ કચ્છથી આવેલા બાઇક રાઇટર્સે ઉપરાંત જુદા જુદા દૂધ સંઘોમાથી આવેલ ૫૦૦ જેટલા બાઇકની રેલી ડૉ કુરીયને સ્થાપેલ વિવિધ સંસ્થાઓ જેમ કે ખેડા દૂધ સંઘ ,જી.સી.એમ.એમ. એફ.,ઇરમા,એન.ડી.ડી.બી. વિગેરે સંસ્થાઓ માં વિવિધ કાર્યક્રમોની ઉજવણી માં ભાગ લીધો હતો.

ભરૂચ થી રવાના થયેલા રાઇડર ૩.૩૦ કલાકે ભરૂચ પરત આવેલ ત્યારબાદ દૂધધારા ડેરીમાં અનોખો કાર્યક્રમ દૂધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો.આ પ્રસંગે ત્રાલસા થી ખાસ દિવ્યંગ બાળકો ને તથા વડીલો નું ઘર ભરૂચના સંચાલકને અતિથિ વિશેષ તરીકે બોલાવવામાં આવ્યા હતા. દિવ્યાંગ બાળકો એ ×કાચી કેરી ને અંગુર કાળા... અમે ગુજરાતી લેહરી લાલા...× ગીત પર ડાન્સ કાર્યક્રમ રજુ કરી ને સૌને મંત્રમુગ્ધ કર્યો હતા.

પ્રાસંગિક પ્રવચન કરતાં ચેરમેન ઘનશ્યામ પટેલે ડૉ કુરીયન પાસેથી પ્રેરણા મેળવીને સમાજના ઉમદા વિકાસ માટે પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ×ડેરીફામેં થી લઈને ફોરેન સુધી દૂધ ને આજે આપણે ડૉ કુરીયન ને કારણે પહોંચાડી શક્યા છે અને આવનારા સમયમાં આજ રસ્તે વિકાસ સાધીને ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખેડૂતો ની આવકને બમણી કરવાના સંકલ્પ યગ્નમાં દૂધધારા ડેરી નો સંજીષ્ઠ ફાળો ભરૂચ નર્મદા જીલ્લા ના ખેડૂતો માટે રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સાથોસાથ હાલમાં આજના દિવસે દૂધધારા ડેરી ગુજરાતમાં ખેડૂતો ને દૂધ નો સૌથી વધારે બીજા નંબરે ૬૩૫ પ્રતિ કિલો ફેટ નો ભાવ ચુકવણી કરતા હોવાનું તથા દૂધધારાના ઈતિહાસ માં પહેલી વાર આમ બન્યું હોવાનું જણાવ્યું ત્યારે ઉપસ્થિત તમામ ડિરેક્ટરઓ દિનેશ પાદરિયા, અંગેશસિહ રાજ, શાંતાબેન પટેલ, જીતેન્દ્ર દેસાઈ, જીલ્લા રજીસ્ટ્રાર અરૂણ ચૌધરી તથા તમામ કર્મેચારીઓ તથા દૂધ મંડળી ના પ્રતિનિધીઓએ તાળીઓ ના ગડગડાટ થી આ સિદ્ધિ ને વધાવી હતી. વધુ માં ચેરમેન ઘનશ્યામ પટેલે આવતા વર્ષે આજ રીતે બીજો નંબર જાળવી રાખવા નો સંકલ્પ વ્યક્ત કરી ને કર્મેચારીઓ ને પોતાનું સબળ યોગદાન આપવા હાકલ કરી હતી. આજના દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કર્મેચારીઓ એ અપ્રતિમ ઉત્સાહ દાખવીને ૩૦ યુનિટ બ્લડ ડોનેટ કર્યું હતું. આ ઉપરાંત દિવ્યંગ બાળકો ને ઉપયોગી ભેટ આપવામાં આવી હતી તથા વડિલો ના ઘર ભરૂચના વડિલોને ભોજન કરાવવામાં આવ્યું હતું તથા દૂધધારા ઘી ની ભેટ આપવામાં આવી હતી. આમ આજના દિવસે દૂધધારા ડેરી તરફથી અનોખી ઉજવણી કરી ને ડો કુરીયન ના જન્મદિવસ ને નેશનલ મિલ્ક ડે તરીકે યાદગાર બનાવવા માં આવ્યો હતો.

# દક્ષિણ ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં વધારો : નવસારીમાં ૧૪ ડિગ્રી તાપમાન

**વલસાડમાં ૧૭ અને સુરતમાં ૨૦ ડિગ્રી તાપમાન**

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨ દિવસથી તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાતા મળસ્કે ફુલગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી સપ્તાહ દરમિયાન સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર વધશે અને શિયાળો જામે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૦.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪.૯ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઉત્તર દિશાથી સીધો પવન ઠુકાનો ઠંડીનો અનુભવ થવાની સાથે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાઈ રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અધિકત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૭ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાન ૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. વલસાડમાં આજે અધિકત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૭.૧ ડિગ્રી નોંધાયું છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે તાપમાનમાં નજીવો ઘટાડો થવાની સાથે આગામી દિવસોમાં શિયાળો જામે તેવી શક્યતા છે.



*આગામી સમયમાં રજૂ થનાર ફિલ્મનું યુ ટ્યુબ પર રીલીઝ થયેલુ ટેલર મુસ્લિમ સમાજમાં ઉશ્કેરાટ ફેલાવતુ હોવાની ફરિયાદ સાથે સુરત કલેક્ટર કચેરીમાં ઈન્સાફ ફાઉન્ડેશનના આગેવાનો દ્વારા આ વાંધાજનક દશ્યો તથા સંવાદ રજૂ કરાયેલ ફિલ્મ તથા તેના ટ્રેલર પર પ્રતિબંધ મુકવાની માંગણી કરવામાં આવી હતી.*

# વરાછા શ્રીધર પેટ્રોલ પંપ પર બોટલમાં પેટ્રોલ નહીં અપાતા યુવકોનું તોફાન

સુરત

વરાછા એલ.એચ. રોડ શ્રીધર પેટ્રલ પંપ ઉપર બોટલમાં પેટ્રોલ આપવાની કર્મચારીએ ના પાડતા સાત જણાએ તોફાન મચાવી બે કર્મચારીને માર માર્યાનો બનાવ બન્યો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિટીલાઈટ મહારાજા અગ્રસેન ભવન પાછળ મેઘના રો હાઉસમાં રહેતા સુરેશ રમણલાલ નાયકે આરોપી સાતેક જેટલા અથડામણ યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના એલ.એચ. રોડ સ્થિત શ્રીધર પેટ્રોલ પંપ ઉપર બે અજાણ્યા યુવક મોટર સાઈકલ લઈને બોટલમાં પેટ્રોલ લેવા આવ્યા હતા. પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ આપવાની કર્મચારીએ ના પાડતા આરોપીઓએ બીજા પાંચેક જણાંને બોલાવી લાવી પેટ્રોલ પંપના સ્ટાફ સાથે ગાળા ગાળી કરી કર્મચારી રાજુભાઈ નગરાડે, નરેશભાઈ પટેલને ઢીક-મુક્કીનો માર મારી તોફાન મચાવી નાસી ગયા હતા. બનાવ અંગે વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. અને પેટ્રોલ પંપ પર તોફાન પચાવી બે કર્મચારીઓ પર હુમલો કરનાર તોફાનીઓનેશોધી કાઢવા પોલીસ પેટ્રોલ પંપના સીસી કેમેરાની મદદ લીધી છે અને તોફાનીઓને પકડી પાડયા વિવિધ સ્થળે તપાસ હાથ ધરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## રાજકોટ શહેર પોલીસ કમિ. મનોજ અગ્રવાલ તથા સંયુક્ત પોલીસ દ્વારા નાસતો ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો



રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સિદ્ધાર્થ ખત્રી દ્વારા નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની ખાસ ઝુંબેશના ભાગરૂપે ભૂતકાળના ગુન્હામાં ઊંડાણપૂર્વક તપાસ કરી, નાસતા ફરતા આરોપીઓને તાત્કાલિક શોધી, આરોપી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સૂચનાઓ કરવામાં આવેલ હતી...

ગઈ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ રાજકોટ શહેરના આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારના રાજકોટ તાલુકાના લાપાસરી ગામની સીમમા બાતમી આધારે પ્રોહીબિશન અંગે રેઈડ કરવામાં આવતા, આરોપી લાલજી લાખા ઓળકીયાના મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૫૦ તથા બીયર ટીન ૨૦ મળી, કુલ રૂ. ૨૨૫૦૦/- નો મુદામાલ પકડી પાડવામાં આવેલ હતો. આ ગુન્હામાં આરોપી લાલજીભાઈ લાખાભાઈ ઓળકીયા રહે. લાપાસરી ગામ ની સિમ, ભઠ્ઠામાં ઓરડીમાં, કોઠારીયા રોડ, રાજકોટ પકડાયેલ હતો. પકડાયેલ આરોપી લાલજીભાઈ લાખાભાઈ ઓળકીયાએ આ ગુન્હામાં પોતાની સાથે આરોપી અજય પાંચાભાઈ રહે. ખેરાણા ગામ તા. ચોટીલા હોવાની કબૂલાત કરેલ હતી. પોલીસ દ્વારા આજદિન સુધી આરોપી અજય પાંચાભાઈની તપાસ આજી ડેમ પોલીસ સ્ટેશનના પો. ઈન્સ. પી. એન.વાઘેલા તથા પો.સ.ઈ. કે.જી.સીસોદીયા તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવતા, આરોપી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો અને પોલીસ દ્વારા તપાસ કરવા છતાં છેલ્લા નવ માસથી મળી આવતો ના હતો .....

રાજકોટ શહેરના ઝોન ૧ ડીસીપી રવિ મોહન સૈની તથા શહેર ઈસ્ટ ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આજી ડેમ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. પી.એન.વાઘેલાને હે.કો. મહિપાલસિંહ મારફતે મળેલ બાતમી આધારે આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. પી.એન.વાઘેલા, પો.સ.ઈ. કે.જી.સીસોદીયા, હે.કો. મહિપાલસિંહ, કનકસિંહ સહિતની એક ટીમ દ્વારા રતનપર ગામ ખાતે વોચ રાખી, તપાસ કરતા, આરોપી અજય પાંચાભાઈ ખસમાણી ઉવ. રહે. ખેરાણા ગામ તા. ચોટીલા જી. સુરેન્દ્રનગરને રતનપર ગામ રોડ ઉપરથી પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ.....

પકડાયેલ આરોપી અજય પાંચાભાઈ ખસમાણી ઉવ. રહે. ખેરાણા ગામ તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર મોજશોખના રવાડે ચડી ગયેલ હોઈ, સહેલાયથી રૂપિયા મેળવવા આ ગુન્હો કરેલાની કબૂલાત કરવામાં આવેલ હતી. પકડાયેલ આરોપી વિરુદ્ધ ભૂતકાળમાં પણ રાજકોટ શહેરના બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે છૂરા તોડવાના તેમજ વાહન ચોરીના ગુન્હાઓમાં, પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશન તેમજ થોરાળા પોલીસ સ્ટેશન ખાતે ભંગાર ચોરીના ગુન્હાઓમાં પકડાયેલ છે અને એક વખત પાસા ધારા હેઠળ જેલની હવા ખાઈ આવેલ છે. ઉપરાંત, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે પણ વિદેશી દારૂના ગુન્હા તથા શાળામાં કોમ્પ્યુટર ચોરીના ગુન્હાઓમાં પકડાયેલ છે. પકડાયેલ આરોપી અજય પાંચાભાઈ ખસમાણી વિરુદ્ધ એક ડઝન જેટલા ગુન્હાઓ નોંધાયેલ હોઈ, ગુન્હાહિત ભૂતકાળ ધરાવતો આંતર જિલ્લા ગુન્હેગાર છે ...

આમ, આજીડેમ પોલીસ દ્વારા ગુન્હાહિત ભૂતકાળ ધરાવતા અને નવ માસથી વિદેશી દારૂના ગુન્હામાં નાસતા ફરતા કુખ્યાત આંતર જીલ્લા આરોપીને પકડી પાડી, ધરપકડ કરી, પોલીસ રિમાન્ડ પર મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે..

## જ્યૂબિયન્ટ કંપનીએ પીપળીયા ગામની શાળામાં પાંચ કોમ્પ્યુટર અપર્ણ કર્યા



ભરૂચ તાલુકાના વાગરા વિસ્તારમાં આવેલ જયુબિલન્ટ કંપની દ્વારા જયુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશનના નેજા હેઠળ સી.એસ.આર પ્રવૃત્તિને વેગળી બનાવી છે . શાળાઓમાં વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવત્તા વધારવા પર કંપનીએ ભાર મુક્યો છે. સાથે ટેક્નોલોજીની દુનિયામાં વિદ્યાર્થીઓ સહિતના દરેક ભારતીય પાછળ ના રહી જાય તે માટે કંપનીએ લાખોના ખર્ચે બનાવેલ એચપી ડિજિટલ બસ ગામડે ગામડે ફેરવી કોમ્પ્યુટરનું નોલેજ આપવામાં આવી રહ્યુ છે.

કંપની દ્વારા વાગરા તાલુકાની પીપલીયા ગામની એફ એમ પ્રોગ્રેસીવ સ્કૂલને પાંચ કોમ્પ્યુટર અર્પણ કરી સરાહનીય કાર્ય કર્યું હતુ.આ પ્રસંગે કંપનીના હેડ પી.આર.ઓ નિર્મલસિંહ યાદવ, સમાજસેવી મહમદ અલી શિલ્પી, ટ્રસ્ટી મુસાભાઈ ચોકવાલા, ઈકબાલ ઉઘરાતદાર,તેમજ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરોલી ક્રિષ્ણા ડેવલોપરની ઓફિસમાં મહિલાને સીડી પરથી ધક્કો મારી ફેંકી દીધી

સુરત

અમરોલી-કોસાડ રોડ ક્રિષ્ના ડેવલપર્સની ઓફિસમાં પૈસાની લેતી-દેતી બાબતે મહિલા માર મારી દાદર ઉપરથી ધક્કો મારી ફેંકી દીધાનો બનાવ અમરોલી પોલીસ મથકે નોંધાયો હતો,

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ સ્કાય હેવન એપાર્ટમેન્ટમાં રહેતા અને મોટર ડ્રાઈવિંગ સ્કૂલ ચલાવતા ચન્દ્રીકા સ્કૂલ ચલાવતા ચન્દ્રીકાબેન મુકેશભાઈ અકબરીએ આરોપી ભરતભાઈ ગુજરાતી પાસેથી પૈસા લીધા હતા. આ બાબતે આરોપી ભરત ગુજરાતીએ પૈસા બાબતે મીટિંગ કરવા ક્રિષ્ના ડેવલોપર્સની ઓફિસે ફરિયાદીને બોલાવી હતી. જ્યાં આરોપીએ ફરિયાદી ચન્દ્રીકાબેન સાથે ગાળા ગાળી કરી માર મારી ધક્કો મારી સીડી ઉપરથી ફેંકી દીધી હતી. જેને કારણે ફરિયાદીને મણકાના ભાગે ફેક્ચર થયું હતું.

## સિંગણપોર ખાતેની સોસાયટીમાં હપ્તા વસૂલી અંગે પોલીસ ફરિયાદ

સુરત

લારીવાળાઓ પાસે રૂપિયા ૫૦નો હપ્તો માગનાર ત્રણ સ્થાનિક ટપોરી સામે ઘનશ્યામ ફલોર મિલવાળાએ ચોકબજર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ચોક પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિંગણપોર ગામ સહજાનંદ સોસાયટી પાસે ઘનશ્યામ ફલોર મિલવાળા ગંગાજીપ્રસાદ શુકરૂપ્રસાદ યાદવે આરોપી હિમ્મતભાઈ આમજીભાઈ સોસા તથા અન્ય બે યુવકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ મોટર સાઈકલ ઉપર આવી ફરિયાદી તથા અન્ય લારીવાળા, દુકાનદારો પાસે હપ્તા પેટે રૂપિયા ૫૦-૫૦ માગ્યા હતા. ત્યારે લારીવાળા દુકાનવાળા ગંગા પ્રસાદ, અનિલકુમાર ગણપતસિંહ રાજપૂત, સુભાષ ગુપ્તા, રાકેશ કૌશલ, રાજુ પાસવાન પાસેથી બળજબરી રૂપિયા ૨૦-૨૦ પડાવી લઈ હપ્તા નહીં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓને સિંહ દર્શનનો લાભ મળશે

**ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'સિંહઘર' અને 'સોવેનિયર શોપ'ને વનમંત્રી ગણપતસિંહ વસાવા આજે ખુલ્લુ મુકશે**

રાજ્યની આન-બાન-શાન ગણી શકાય એવા દેશના ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહને ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓ માણી શકે એ માટે ઈન્દ્રોડા પાર્ક ખાતે સિંહઘર તૈયાર કરાયું છે. આ સિંહઘરને આવતીકાલ તા.૨૭મી નવેમ્બરને મંગળવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વનમંત્રી ગણપતસિંહ વસાવા ખુલ્લુ મુકશે. આ વેળાએ રાજ્ય વનમંત્રી રમણભાઈ પાટકર પણ ખાસ ઉપસ્થિત રહેશે. વન્યપ્રાણીઓને લગતા સાહિત્યનું પણ યુવા પેઢીમાં આકર્ષણ હોય છે ત્યારે આવી વસ્તુઓના વેચાણ માટે સોવેનિયર શોપ તૈયાર કરાઇ છે જેનું પણ મંત્રીશ્રીના હસ્તે ઉદઘાટન કરાશે. આ પ્રસંગે વન વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ગીર ફાઉન્ડેશનના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં રાજ્યની આન-બાન-શાન ગણી શકાય એવા એશિયાઇ સિંહ (નામ-સૂત્રા, વય-૧૦ વર્ષ) અને સિંહણ (નામ-ગ્રીવા, વય-૮વર્ષ)ની એક જોડ રાજ્યના વન વિભાગ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાત લેનાર પ્રવાસીઓને મહત્તમ લાભ આપી શકાય તે હેતુસર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં વધારાનું એક ઘરેણું ઉમેરાયું છે. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ગીર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પ્રાણી સંગ્રહાલયમાં સસ્તન, સરીસૃપ અને વિહંગ કુળના અલગ લગ કુલ ૩૯ પ્રકારના વન્યપ્રાણીઓ-પક્ષીઓ રાખવામાં આવ્યા છે.

હાલમાં પ્રકૃતિ ઉદ્યાનમાં અંદાજે પ્રતિવર્ષ ૬ લાખ જેટલા મુલાકાતીઓ આવે છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગર છેલ્લા ઘણાં વર્ષોથી એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગીર ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વન્યપ્રાણીઓને લગતું સાહિત્ય જેવું કે, મેગેઝીનો, પુસ્તકો, સંશોધનપત્રો, નકશાઓ, વન્યપ્રાણીઓને લગતી ફીલ્મોની સી.ડી./ડી.વી.ડી. વગેરે પ્રકાશીત કરવામાં આવી રહી છે. તેમજ સાસણ ગીર ખાતે વેચાતી આ ચીજો (સોવેનિયર) જેમાં માહિતી પુસ્તિકાઓ, ટી-શર્ટ, જેકેટ, કેપ, કીચેઈન કે જેમાં વન્યપ્રાણીઓનો લોગો પણ છાપેલ હોય તેવી વસ્તુઓનું યુવા પેઢીમાં ખાસ આકર્ષણ હોય છે. તેવી વસ્તુઓના વેચાણ માટે ઈન્દ્રોડા પાર્ક ખાતે સોવેનિયર શોપમાં વ્યવસ્થા કરવામાં આવી છે .

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં સિંહોના લાંબાગાળાના સંવર્ધન-સંરક્ષણ માટે રૂ.૩૫૧ કરોડના વિવિધ કામોની લાંબાગાળાની યોજનાને મંજુરી આપવામાં આવી છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સિંહ દર્શન માટે સફારીપાર્ક બનાવવાનું પણ આયોજન છે. તેના ભાગરૂપે ગાંધીનગરની પ્રકૃતિપ્રેમી જનતાને પણ સિંહ દર્શનનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ ઉમદા આયોજન કરાયુ છે.

## ૭૨-જસદણ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી

### ૨૦મી ડિસેમ્બરે યોજાશે : મત ગણતરી ૨૩મી ડિસેમ્બરે

**૭૨-જસદણ વિધાનસભા પેટા ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ**

| | | |
|---|---|---|
| ૧ | ચૂંટણી પંચનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ | તા.૨૬-૧૧-૨૦૧૮(સોમવાર) |
| ૨ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | તા.૦૩-૧૨-૨૦૧૮(સોમવાર) |
| ૩ | ઉમેદવારી પત્રો ચકાસણીની તારીખ | તા.૦૪-૧૨-૨૦૧૮(મંગળવાર) |
| ૪ | ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ | તા.૦૬-૧૨-૨૦૧૮(ગુરૂવાર) |
| ૫ | મતદાનની તારીખ | તા.૨૦-૧૨-૨૦૧૮(ગુરૂવાર) |
| ૬ | મતગણતરીની તારીખ | તા.૨૩-૧૨-૨૦૧૮(રવિવાર) |
| ૭ | પેટા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તા.૨૬-૧૨-૨૦૧૮ (બુધવાર) |

**ઉમેદવારી પત્રો તા.૩જી ડિસેમ્બર-૨૦૧૮ સુધી ભરી શકશે**

**મતદાનમાં EVM અને VVPAT નો ઉપયોગ કરાશે**

૭૨-જસદણ વિધાનસભાના સભ્ય કુંવરજીભાઇ બાવળીયાએ રાજીનામું આપતા ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી તા.૨૦મી ડિસેમ્બર-૨૦૧૮ને ગુરૂવારના રોજ યોજવાનું ભારતના ચૂંટણી પંચે નક્કી કર્યું છે. મતગણતરી તા.૨૩મી ડિસેમ્બરે યોજાશે, એમ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ.એસ. મુરલીક્રિષ્ણા દ્વારા જણાવાયું છે. તેમણે ઉમેર્યું કે, જસદણ વિધાનસભાની પેટા ચૂંટણી દરમિયાન મતદાન માટે ઈલેકટ્રોનીક વોટીગ મશીન (EVM) તથા VVPATનો ઉપયોગ કરાશે અને મતદાન અર્થે આવનાર મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ(EPIC)નો ઉપયોગ કરવામાં આવશે, એમ વધુમાં જણાવાયું છે.

## એમજી ટેક્સટાઈલ માર્કેટમાંથી પોલીસે જુગારની ક્લબ ઝડપી

સુરત

રિંગરોડ એમ.જી. માર્કેટના પાર્કિંગમાં ધમધમતી જુગારની ક્લબ ઉપર પોલીસે દરોડા પાડી ક્લબ ચલાવનાર સહિત આઠ જણાંની ધરપકડ કરી રૂા.૨.૪૭ લાખની મતા કબજે કરાઈ હતી. તેમજ સિંગણપોર સિલ્વર સ્ટોન આર્કેડમાં આવેલ ઓફિસમાં જુગાર રમતાં બેની ધરપકડ કરાઈ હતી.

ચોક પોલીસે બાતમીના આધારે સિંગણપોર ગામ સિલ્વર સ્ટોન આર્કેડ બીજા માળે ઓફિસ નં.૨૪૭માં દરોડા પાડી આરોપી ધીરૂભાઈ નરસિંહ છેંટા, ધનજી ગોબર પાનસેરિયાની ધરપકડ કરી રોકડા રૂા.૨૫૮૮૦ તથા બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩૦,૮૮૦ની મતા કબજે કરી હતી.

જયારે સલાબતપુરા પોલીસે એમ.જી. માર્કેટના પાર્કિંગમાં જુગાર રમાડતા પ્રિયમ મોહન અગ્રવાલની સાથે રેહાન ઈદ્રીશ શાહ, વસીમ ભીખનદાસ શેખ, ઈમરાન પઠાણ, સલીમ જબ્બાર, કિશોર સીરશાટ, હેદરઅલી સૈયદ, અજય શાંતારામ પાંડેની ધરપકડ કરી આઠ મોબાઈલ ફોન, વાહનો, રોકડા મળી કુલ ૨,૪૭,૪૬૦નો મુદામાલ કબજે કર્યો હતો. તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.






# ડાંગ જિલ્લામાં કલેક્ટર કચેરી સહિત જુદી જુદી કચેરીઓમાં સંવિધાન દિવસની કરાઇ ઉજવણી



આહવાઃ તારીખ ૨૬મી નવેમ્બર એટલે સંવિધાન દિવસ. ભારત દેશ જુદા જુદા રાજ્યોનો એક સંઘ છે. લોકતાંત્રિક ગણરાજ્ય ભારતમાં સંવિધાન મુજબ સરકાર કાર્ય કરે છે. ભારતનુ સંવિધાન સંવિધાન સભા દ્વારા તા.૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ પસાર થયુ, અને ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી પ્રભાવિત થયુ. જેથી તા.૨૬મી નવેમ્બર દેશમાં સંવિધાન દિવસ, અને ૨૬મી જાન્યુઆરી ભારતમાં ગણરાજ્ય દિવસ તરીકે મનાવવામાં આવે છે, એમ ડાંગના નિવાસી અધિક કલેક્ટર તેરસિંગ ડામોરે જણાવ્યું હતું.

ડાંગ જિલ્લામાં કલેક્ટર કચેરી સહિત જુદી જુદી કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કલેક્ટોરેટ ખાતે પણ નિવાસી અધિક કલેક્ટર ટી.કે.ડામોરના વડપણ હેઠળ મહેસૂલી અધિકારી/કર્મચારીઓએ, બંધારણના આમુખાનું વાંચન કરી, સંકલ્પ લીધો હતો. ભારતના સંવિધાનમાં ૧૨ પરિશિષ્ટ, અને ૪૪૬ અનુચ્છેદ છે, તેમ જણાવી ડામોરે આજદિન સુધી ૯૬ જેટલા સુધારા આ સંવિધાનમાં કરાયા છે તેમ પણ પૂરક વિગતો આપતા ઉમેર્યું હતું.

બંધારણનું આમુખ એ બંધારણને સમજવાની ચાવી છે. આમુખ એ બંધારણનો એક ભાગ છે. બંધારણે દેશના દરેક નાગરીકને સમાન હક્કો આપ્યા છે. સાથે સાથે કેટલીક મૂળભૂત ફરજો પણ બતાવી છે. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ બંધારણની રચના સમયે બંધારણ માટે એક ઉદેશ પ્રસ્તાવે રજુ કર્યો હતો. જેને બંધારણના આમુખ તરીકે સ્વીકારવામાં આવ્યુ છે. એમ પણ તેમણે આ વેળા જણાવ્યું હતું.

દરમિયાન આહવા ખાતેની સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ ખાતે પણ આચાર્યા ડૉ.હેતલ રાઉતની અધ્યક્ષતામાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વેળા ડૉ.રાઉતે બંધારણની વિસ્તૃત સમજ સાથે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.નરેશ મહાકાળે વિદ્યાર્થીઓને બંધારણ સંબંધી સમજ સાથે સંકલ્પ પણ લેવડાવ્યા હતા.

બંધારણનું આમુખ : અમે ભારતના લોકો ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક બનાવવાનું, અને દેશના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, તક અને દરજ્જાની સમાનતા નિર્ધારિત કરવાનો તેમજ તેઓમાં વ્યક્તિનું ગૌરવ તેમજ દેશ પ્રત્યેની એકતા અને અખંડિતતાને ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો દ્રઢતાપૂર્વક નિર્ણય કરીને તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ.'

# ખેડા જિલ્લામાં ૫.૩૮ લાખ ઉપરાંત બાળકોના આરોગ્યની ચકાસણી કરાશે

નડિયાદઃ ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષની વયના ૫,૩૮,૦૨૭ બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવાનાર હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ડી.સી.જાગાણીએ જણાવ્યું છે.

ગળતેશ્વર તાલુકાના મેનપુરા ગામેથી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આવતીકાલ તા.૨૭-૧૧-૧૮ના રોજ પ્રારંભ થશે આ કાર્યક્રમ તા.૦૧-૦૨-૨૦૧૯ સુધી ચાલશે.

ડૉ.જાગાણીએ જણાવ્યું કે, જિલ્લામાં ૨૦૭૫ આંગણવાડીના ૧,૬૪,૧૭૧, ૧૫૭૯ પ્રાથમિક શાળાઓના ૨,૮૧,૨૧૧, ૩૨૭ માધ્યમિક શાળાઓના ૮૬,૦૫૨ અન્ય ૨૭ શાળાઓના ૪,૫૨૭ અને શાળાએ ન જતા ૨૦૬૬ સહિત કુલ ૫,૩૮,૦૨૭ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

આ કાર્યક્રમ હેઠળ સામાન્ય બીમારીઓમાં સ્થળ ઉપર સારવાર આપવામાં આવશે, આંખોની તકલીફવાલા બાળકોને તપાસ કરી જરૂરિયાતમંદ બાળકોને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવશે. જેમાં હૃદય, કિડની, કેન્સર, ક્લબફૂટ, બાળ ટીબી અને થેલેસેમિયા જેવી ગંભીર બિમારીવાળા બાળકોને સંદર્ભસેવા અન્વયે તપાસ કરાવી જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલમાં રીફર કરી વધુ સારવાર અર્થે (ઓપરેશન) રાજ્ય કક્ષાની સિવિલ હોસ્પિટલમાં જિલ્લા કક્ષાએથી મંજુરી આપી વધુ સારવાર માટે તેમજ ઈમરજન્સી માટે આર.બી.એસ.કે વાહનમાં લઇ જવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઈમ્પ્લાન્ટ, ક્લબ ફૂટ અને કલેફટ/લીપ વિગેરે અસાધારણ બિમારીઓમાં સારવાર આપાવામાં આવે છે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ ની દરમિયાન કુલ ૫૨૬૨૯૨ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. જેમાં સામાન્ય બીમારી વાળા કુલ ૩૪૯૫૬ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી સંદર્ભસેવામાં કુલ ૧૦૧૫ બાળકો શોધી કાઢી ૧૦૦% તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. ગત વર્ષમાં ગંભીર પ્રકારની બિમારીવાળા બાળકોને જિલ્લા કક્ષાએથી વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા હતા. જેમાં હૃદય - ૫૯ , કિડની - ૧૦, કેન્સર - ૦૬, અને અન્ય બિમારીવાળા-૬૭૨ બાળકોનો સમાવેશ થાય છે.

# વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ ની પુર્વ તૈયારી રૂપે મુંબઈના વેપાર-ઉદ્યોગકારો સમક્ષ કર્ટેઈન રેઈઝર-ઈન્ટરેકટીવ મીટ

## ગુજરાતે માત્ર ઔદ્યોગિક વિકાસ જ નહી ફાયનાન્સિયલ સર્વિસિસ-એરોસ્પેસ- ડીફેન્સ-ઈલેકટ્રોનિકસ અને લોજીસ્ટીકસ-મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ક્ષેત્રે રોજગાર સર્જનથી સર્વગ્રાહી વિકાસનો છેવાડાના માનવીને લાભ મળે તેવી ઈકો સીસ્ટમ ઊભી કરી છે : મુખ્યમંત્રી




- વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ હવે ઈન્કલુઝિવ ગ્રોથથી આગળ વધીને ગ્લોબલ ચેલેન્જના મંથન-સમાધાન માટેનું એક વૈશ્વિક મંચ બની ગઈ છે
- મુંબઈ આર્થિક રાજધાની છે તો ગુજરાત ભારતનું મેન્યુફેક્ચરિંગ હબ છે
- ગુણવત્તાયુક્ત અને સુખી જીવનનો આનંદ અમીર-ગરીબ સૌને સમાન રીતે મળે તે ગુજરાતના સર્વગ્રાહી વિકાસ વિઝન સાથે સુનિશ્ચિત કર્યું છે
- શેપિંગ એ ન્યુ ઈન્ડિયાની થીમ સાથે યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯ ના માધ્યમથી ગુજરાત દેશને ઈન્કલુઝીવ ગ્રોથનું મોડેલ પુરૂ પાડવા સંકલ્પબદ્ધ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ હવે ઈન્કલુઝિવ ગ્રોથથી આગળ વધીને ગ્લોબલ ચેલેન્જના મંથન-સમાધાન માટેનું એક વૈશ્વિક મંચ બની ગઈ છે. ગુજરાતની આગવી વૈશ્વિક ઓળખ સમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની નવમી કડી ૨૦૧૯માં યોજાશે તે પુર્વે મુંબઈમાં ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓ સાથે કર્ટેઈન રેઈઝર ઈન્ટરેકટીવ મીટ યોજી હતી.તેમણે કહયું કે, ગુજરાતે માત્ર ઔદ્યોગિક વિકાસ જ નહી પરંતુ ફાયનાન્સિયલ સર્વિસિસ, એરોસ્પેસ, ડીફેન્સ, ઈલેકટ્રોનિકસ અને લોજીસ્ટીકસ તેમજ મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ક્ષેત્રે પણ રોજગાર સર્જનથી સર્વગ્રાહી વિકાસનો છેવાડાના માનવીને લાભ મળે તેવી ઈકો સીસ્ટમ ઊભી કરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહયું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ન્યુ ઈન્ડિયાના વિઝનને પાર પાડીને શેપિંગ એ ન્યુ ઈન્ડિયાની થીમ સાથે યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯ ના માધ્યમથી ગુજરાત ઈન્કલુઝીવ ગ્રોથનું મોડેલ દેશને પુરૂ પાડશે.વિજયભાઈ રૂપાણીએ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ પુર્વે યોજાયેલો આ રોડ શો ગુજરાત-મહારાષ્ટ્રના પરસ્પરના સંબધોને નવી ઉંચાઈ આપશે, તેમ જણાવતાં કહયું કે, મુંબઈ આર્થિક રાજધાની છે તો ગુજરાત ભારતના મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પ્રસિદ્ધ છે.ઔદ્યોગિક ઉત્પાદન, પોર્ટસ એન્ડ મેરિટાઈમ, ફાઈનાન્સિયલ સર્વિસિસ અને પર્યટનમાં બન્ને રાજ્યોએ શાનદાર સિદ્ધિઓ મેળવી છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.૧૯૬૦માં ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ પડ્યાં ત્યારે ગુજરાતને આગળ ધપવા માટે ઘણા ભૌગોલિક અને આર્થિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. એ વખતે અમારી સમક્ષ ઉજ્જડ જમીન, પાણીની અછત, મર્યાદિત ઉદ્યોગો અને ઘણી આર્થિક સમસ્યાઓ હતી.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાતે મહેનત, સાહસિકતા, પ્રગતિશીલ શાસન વ્યવસ્થા, ડાયનેમિક નીતિઓ અને સમર્પિત નેતૃત્વ વડે વિકાસની નવી પરિભાષા લખી અને હવે તો મા ભારતીના બે પુત્ર – મહારાષ્ટ્ર અને ગુજરાત આજે ભારતના આર્થિક બેકબોન બન્યા છે.

ગુજરાતના આગવા વિકાસની વિશદ ભુમિકા આપતાં કહયું કે, કોઈ પણ રાજ્ય કે દેશના વિકાસ માટે વ્યાપારને અનુકૂળ નીતિઓ જરૂરી છે, એ ઉપરાંત વ્યાપારને અનુકૂળ માહોલ પણ આપવો પડે છે. તો જ સર્વાંગી વિકાસ શક્ય બને. ગુજરાત વેપાર કરનારો, વેપાર શીખવનારો અને વેપારને જીવી જાણનારો પ્રદેશ છે. ગુજરાતની હવા અને વાતાવરણમાં જ કંઈક એવું છે કે જે ગુજરાતમાં આવે તે ગુજરાતનો જ બની જાય.

તેમણે ઉમેર્યું કે, ગુણવત્તાયુક્ત અને સુખી જીવનનો આનંદ અમીર-ગરીબ સૌને સમાન રીતે મળે તે ગુજરાતના સર્વગ્રાહી વિકાસ વિઝન સાથે અમે સુનિશ્ચિત કર્યું છે. આર્થિક વિકાસની સાથોસાથ સામાજિક વિકાસ અને સમરસતા પણ ગુજરાતની આગવી સિદ્ધિ છે. આખા દેશમાંથી લોકો કામ માટે ગુજરાત આવે છે અને ગુજરાત તેમને જીવનમાં આગળ વધવા માટેના નીતનવા અવસર પ્રદાન કરે છે.વાયબ્રન્ટ સમિટની સફળતાઓ વર્ણવતા જણાવ્યું કે, પહેલા આ સમિટમાં ગુજરાતમાં મૂડીરોકાણની ચર્ચા થતી હતી, પણ હવે અહી રોકાણની સાથે સાથે વિશ્વની સમસ્યાઓ તેના સમાધાન અને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અવસરોનું ચિંતન-મંથન પણ થાય છે.

વાયબ્રન્ટ ગુજરાત સમિટની જાન્યુઆરી-૧૯માં યોજાનારી નવમી કડી ન્યૂ ઈન્વેસ્ટમેન્ટ, ન્યૂ ઈન્ડિયા અને ન્યૂ ટેક્નોલોજી ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરશે.આ વખતની ઈવેન્ટમાં ભારત જ નહી પણ આખી દુનિયા નવી નવી ટેક્નોલોજી અને કન્સેપ્ટ્સને પહેલી જ વાર જોશે તથા દરેક ગુજરાતીની સાથોસાથ પ્રત્યેક ભારતીય માટે પણ નવી આશાઓ અને અવસરોનો ખજાનો લઈને આવશે તેમ તેમણે ગુજરાતમાં મુડી રોકાણ તેમજ ઔદ્યોગિક રોકાણો માટે મુંબઈના વેપાર-ઉદ્યોગકારોને ઈંજન પાઠવતાં જણાવ્યું હતું. ગુજરાત એક પોલિસી ડ્રિવન, પારદર્શક અને પ્રામાણિક ગુડ ગર્વનન્સવાળું રાજ્ય છે, તેમ જણાવી વિજયભાઈ રૂપાણીએ સૌ સાથે મળીને દેશના વિકાસ માટે કાર્યરત થઈ ભારતને વિશ્વમાં ટોચે પહોંચાડવા સહયોગ કરે તેવી અપીલ પણ કરી હતી.

મુખ્ય સચિવ જે.એન.સિંઘે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા જુદા જુદા ક્ષેત્રોમાં વિપુલ શક્યતાઓ રહેલી છે. જેના કારણે ૩૪૭ જેટલી સૌથી વધુ ઉદ્યોગ સ્થાપવા દરખાસ્તો માત્ર નવ મહિનામાં સરકારને મળી છે.

રાજ્ય સરકારે ઉદ્યોગ માટે સરળ પોલીસીઓ બનાવી છે. ગુજરાતમાં ૩૦ લાખ જેટલા એમએસએમઈ ઉદ્યોગો છે. આ ઉદ્યોગો દ્વારા રોજગારીની તકો સહિત સર્વાંગી વિકાસની એક આગવી ઈકો સીસ્ટમ ગુજરાતમાં ઊભી થઈ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્ય સચિવશ્રીએ કહયું કે, ગુજરાતે પારદર્શીતા સાથે વેલ ડીફાઈન ટેકસ સ્ટ્રકચર, ટેન્જીબલ અને ઈન્ટેનજીબલ બિઝનેશ એસેટસમાં અગ્રેસરતા તેમજ ફયુચરિસ્ટીક અને હોલીસ્ટીક ડેવલપમેન્ટનો જે રોડ મેપ કંડાર્યો છે તેને પરિણામે વાયબ્રન્ટ ગુજરાત સમિટ નેટવર્કિંગ, ઓનલાઈન અને B2B□ માટેનું મહત્વનું પરિબળ બનશે.

ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ અને મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ એમ.કે.દાસે ગુજરાતની ઔદ્યોગિક, માખળાકીય, સામાજિક ક્ષેત્ર સહિતની સિધ્ધિઓના પ્રેઝન્ટેશન દ્વારા ગુજરાતમાં વિવિધ ક્ષેત્રના વિકાસથી વેપાર-ઉદ્યોગકરોને વાકેફ કર્યા હતા. પ્રારંભમાં ફીકકીના પ્રેસિડન્ટ રશેષ શાહે સૌને આવકાર્યા હતા. તેમજ ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે મળી રહેલા રાજય સરકારના સકીય સહયોગ માટે ત્રણ જેટલા ઉદ્યોગકારોએ ગુજરાતના તેમના અનુભવો વર્ણવ્યા હતા. મુખ્યમંત્રીની ઉપસ્થિતમાં ગુજરાત સરકાર અને ઈન્ટીમેટ એપેરેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા વચ્ચે એપેરેલ સેકટરમાં ઈન્વેસ્ટમેન્ટ માટે સર્વિસિસ પ્રોવાઈડરના એમઓયુ કરવામાં આવ્યા હતા.

# તા.૨જી ડિસે. સુધી સુરતના સુવાલીના દરિયા કિનારે સુરતીલાલાઓ બીચ ફેસ્ટિવલનો આનંદ માણી શકશે

## સુવાલી બીચ ફેસ્ટિવલમાં સંગીત, નૃત્ય, ઊંટ, ઘોડે સવારીનું આકર્ષણ

સુરત

ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્રા દ્વારા સુવાલીના દરિયાકિનારે બીચ ચોપાટી ખાતે આયોજિત બીચ ફેસ્ટીવલ-૨૦૧૮માં સંગીત, નૃત્ય, ઊટ સવારી, ઘોડે સવારીના મજેદાર આકર્ષણો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. હજારો પ્રવાસીઓ બીચની મુલાકાત લઈને મનોરંજન સહ કુદરતી સૌન્દર્યનો લ્હાવો લઈ રહ્યા છે. ખાસ કરીને બાળકો માટે સ્પોર્ટ્સ રાઈડ, રો કલાઈમ્બિગ લોકપ્રિય બન્યા છે.

બીચ ફેસ્ટીવલ તા.૩/૧૧/૨૦૧૮ થી તા.૨/૧૨/૨૦૧૮ દરમિયાન દરરોજ સાંજે સુવાલીના રમણીય બીચ પર મહેદી, સંગીત, નૃત્ય, ચિત્રકામ, રેત-કલા, બાલ-રમતો તમજ રો કલાઈમ્બિગ, ટાયર કલાઈમ્બિગ, ઝોર્બિગ, બીમ, બર્મા બ્રિજ, ઊટસવારી, ઘોડે સવારી તેમજ ક્રાફટ સ્ટોલ, ફુડ કોર્ટ, ફોટો કોર્નર જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ આનંદ માણી શકશે. વીયેટનામ, બાંગ્લાદેશ, શ્રીલકા, અફઘાનિસ્તાન, તાન્જાનીયા, જેવા ૩૨ દેશોના વિદ્યાર્થીઓ પણ સુવાલી બીચના કાર્યક્રમોને માણવા પધારી ચૂકયા છે. રાજયના સ્થાનિક કલાકારો દ્વારા દરરોજ સાંજના ૬.૦૦ થી ૭.૩૦ દરમિયાન રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ બોલે છે.



## ગોરા ગામના અસરગ્રસ્તોએ પોતાની વિવિધ માંગણીઓ મુદ્દે નર્મદા કલેકટરને આવેદનપત્ર આપ્યું



રાજપીપળા:પીએમ મોદીએ ૩૧મી ઓક્ટોબરે કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.એ બાદ સ્થાનિકોએ રોજગારી મુદ્દે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં બે-બે વાર હંગામો મચાવ્યો હતો.ત્યારે સોમવારે કેવડિયા નજીકના ગોરા ગામના અસરગ્રસ્તોએ પોતાની વિવિધ માંગણીઓ મુદ્દે નર્મદા કલેકટર આર.એસ.નિનામાને આવેદનપત્ર આપ્યું હતું.

પોતાના આવેદનપત્રમાં એમણે જણાવ્યું હતું કે સરકારે ૧૯૬૦-૬૧ માં ઉભા પાકનું વળતર ચૂકવી નર્મદા પ્રોજેકટ માટે અમારી જમીન સંપાદિત કરી હતી તે સમયે સરકારે અમારા વડીલોને આ બાબતનું કોઈ લખાણ આપ્યું નહતું.એ બાદ સરકારે આ જમીન માલિકો કે વરસદારોને પૂછ્યા વિના ૧૯૮૭-૮૮માં આ જમીન સ.સ.ન.ની.લિ ના નામે તબદીલ કરી દીધી હતી.તો પીએમ મોદી દ્વારા વર્ષ ૨૦૧૭માં સરદાર સરોવર ડેમનું અને એ બાદ ૨૦૧૮માં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરાયુ છે.તો અમારા ગામના જે લોકોની પડતર જમીન છે એ પાછી આપવા તથા મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશની જેમ જેમની જમીન પર બાંધકામ થયું છે એમને વળતર ચૂકવવા,પરિવારમાંથી પુખ્ત વયના વ્યક્તિને અસરગ્રસ્ત ગણી અસરગ્રસ્તોના તમામ લાભો આપવા તેમજ જે કુટુંબની જમીન નથી ગામમાં ઘર હોય અને ગ્રામ-પંચાયત દફતરે ઘર બોલતું હોય તેવા કુટુંબોને સરકારના ધારાધોરણ મુજબ જે લાભો હોય એ લાભો આપવા અમારી વિનંતી છે. વધુમાં સરદાર સરોવર નર્મદા નિગમમાં અગાઉ વર્ષ ૧૯૭૯-૮૦ માં અમારા વાલીઓને સરકારે વર્ગ ૩-૪ માં ભરતી કરી નોકરી આપી હતી તે વખતે તમને કોઈ પણ પ્રકારના અસરગ્રસ્તોના લાભો મળશે નહીં એવું જણાવ્યું નથી તો કેમ એવા વ્યક્તિઓને લાભો મળતા નથી?સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ અમારા યુવાનોએ નોકરીની માંગણી કરી હતી.દરમિયાન અમુક યુવાનોને બાથરૂમ સાફ કરવા સહિત અન્ય કામ સોંપાયું હતું આ નોકરી બાબતે અમને લેખિતમાં જ અપાતા અમે એનો વિરોધ કરી આવી નોકરી ન કરવા જણાવ્યું હતું.તો અમારી વિનંતી છે કે અમને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા કાયમી નોકરી અપાય અને એ નોકરીનો અમને લેખિતમાં ઓર્ડર આપવામાં આવે.જ્યાં સુધી અમારી કોઈ પણ માગણીઓનો ઉકેલ નહિ આવે ત્યાં સુધી અમે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં કોઈ પણ જાતની ભરતી થવા દઈએ નહિ એવી ચીમકી પણ અપાઈ હતી.

## ભરૂચ તાલુકાના કેલોદ ગામના ખેડૂતોએ ગામની ખરીને જમીન પરના માટી ખોદકામ અટકાવવા માંગ કરી.



ભરૂચ તાલુકાનાં કેલોદ ગામમાં આવેલી ખુલ્લી જમીન જેનો ખેડૂતો ખરી તરીકે ઉપયોગ કરી છે.અહીંથી એક્ષપ્રેસ હાઈવેનું કામ કરતી એજન્સી દ્વારા માટી ખોદીને લઈ જવામાં આવે છે. જેથી કેલોદનાં ગામજનો અને ખેડૂતોને સર્વે નંબર ૭૨૪ વાળી જગ્યા જે વિવિધ કામ માટે ઉપયોગી હતી તે બિન ઉપયોગી બનવા જઈ રહી છે.જેથી આ જમીનમાંથી માટીનું ખોદકામ થતું અટકાવવા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

ભરૂચ તાલુકામાં આવેલાં કેલોદ ગામના લોકોએ જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સર્વે નંબર ૭૨૪ વાળી જગ્યામાં ગામનાં ખેડૂતો પોતાનાં ખેતરમાં તૈયાર થયેલા પાકને અહીં લાવીને ખલી કરી પાકને કાઢે છે. તો આ સિવાયનાં સમયમાં ગામનાં યુવાનો આ જમીનનો વિવિધ રમતો માટે ઉપયોગ કરે છે.તો સુખ-દુઃખનાં પ્રસંગોએ પણ ગામનાં લોકો અહીં ભેગા મળે છે. આવા સંજોગોમાં ભરૂચ જિલ્લામાં એક્ષપ્રેસ હાઈવેનું કામ કરતી સાગર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આ જમીનમાંથી માટી ખોદીને લઈ જવામાં આવે છે. જેના કારણે ગામનાં ખેડુતોને મોટું નુકશાન થઈ રહ્યું છે. જેથી માટીનું ખોદકામ અટકાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.વહેલી તકે કામગિરી બંધ નહીં કરવામાં આવે તો સ્થાનિક ખેડુતો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## નર્મદા જિલ્લા પંચાયત ભવન ખાતે ગુમ્માએ ટીમ નર્મદા સાથે યોજાયેલી સમીક્ષા બેઠક



રાજપીપળા : નર્મદા જિલ્લો એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ-મહાત્વાકાંક્ષી જિલ્લા નર્મદા અંતર્ગત નીતિ આયોગના પેરામીટર મુજબ નર્મદા જિલ્લામાં કેટલાક ચોક્કસ ક્ષેત્રોમાં થયેલી કામગીરીની કેન્દ્રિય કોલસા મંત્રાલયના સચિવ અને જિલ્લા પ્રભારી અધિકારી ડૉ. ઓ.પી. ગુમ્માએ આજે રાજપીપલામાં નર્મદા જિલ્લા પંચાયતના કોન્ફરન્સ હોલ ખાતે સંલગ્ન વિવિધ અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજીને વિસ્તૃત સમીક્ષા કરી હતી. નીતિ આયોગના પેરામીટર મુજબની લક્ષ્યાંક સિધ્ધિ માટે ડૉ. ગુમ્માએ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી નર્મદા જિલ્લો મહાત્વાકાંક્ષી જિલ્લાની કામગીરીમાં અગ્રેસર રહે તેવા ઘનિષ્ઠ પ્રયાસો આદરવાની તેમણે ખાસ હિમાયત કરી હતી.

જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, જિલ્લા પ્રાયોજના વહિવટદાર આર.વી. બારીયા, જિલ્લા આયોજન અધિકારી આઈ.જે. પટણી સહિત જિલ્લાના સંલગ્ન અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉક્ત સમીક્ષા બેઠકમાં ડૉ. ગુમ્માએ જિલ્લા પ્રશાસન દ્વારા ઓક્ટોબર-૨૦૧૮ અંતિત થયેલી કામગીરીના પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આંકડાકીય માહિતી મેળવી હતી. તેમણે નર્મદા જિલ્લામાં આરોગ્ય, પોષણ, આંગણવાડી, શિક્ષણ, કૃષિ, બાગાયત, પશુપાલન, ફાઇનાન્સીયલ ઇન્કલુઝન, કૌશલ્ય વિકાસ અને માળખાગત સુવિધાઓ ક્ષેત્રે જિલ્લામાં થયેલી કામગીરીથી અવગત થયા હતાં. ગુમ્માએ નીતિ આયોગ દ્વારા નર્મદા જિલ્લાને એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ માટે સૂચવેલ પેરામીટર મુજબની કામગીરી થાય તે માટે દરેક વિષયો પર ચર્ચા કરી હતી. આ ચર્ચામાં જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા તથા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ વગેરે પણ જોડાયાં હતા

## કૃષિ ક્ષેત્રે આવેલી ક્રાંતિની નોંધ રાષ્ટ્રીય સ્તર પર લેવાઈ છે : કૃષિમંત્રી ફળદુ

સુરત

'રાજ્ય સરકારની કૃષિ નીતિ અને કૃષિ સંલગ્ન અનેક કલ્યાણકારી યોજનાઓના અમલથી નાના ખેડૂતો ખેત ઉત્પાદનમાં અગ્રેસર બન્યા છે. છેલ્લાં બે દાયકામાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે આવેલી ક્રાંતિની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે. રાજ્ય સરકારના સક્રિય પ્રયાસો અને ધરતીપુત્રોની મહેનતના કારણે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો ઉપયોગ વધવાથી કૃષિ ઉત્પાદનમાં માતબર વધારો નોંધાયો છે. રાજ્ય સરકાર માત્ર રૂ.૯૦૦ ના ટોકન દરે ખેડૂતોને કૃષિલક્ષી સબસીડીયુક્ત કીટ આપીને સહાયરૂપ બની છે. વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિ, કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધિત બિયારણો અને સુધારેલા કૃષિ સંયંત્રોના ઉપયોગથી ઓછા ખર્ચે અને ઓછી મહેનતે વધુ ઉત્પાદન મેળવી રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવાની સાથે ખેડૂતોની આર્થિક ઉન્નતિના દ્વાર પણ ખુલશે.', એમ રાજ્યના કૃષિમંત્રી આર.સી.ફળદુએ 'માનવ અને પશુ સંચાલિત કૃષિ ઓજારો સહિત કૃષિની વર્તમાન સ્થિતિ, પડકારો અને ભાવિ' વિષય પર નર્મદ યુનિવર્સિટીના પરિસરમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદને ખૂલ્લો મૂકતાં જણાવ્યું હતું.

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ રૂરલ સ્ટડીઝ, ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ અને અક્ષય કૃષિ પરિવારના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કમ્પ્યુટર સાયન્સ વિભાગના સભાખંડમાં ૨૪ અને ૨૫ નવે. દરમિયાન આયોજિત આ પરિસંવાદના અધ્યક્ષસ્થાનેથી કૃષિમંત્રીશ્રી ફળદુએ વધુમાં જણાવ્યું કે, નાના સીમાંત ખેડૂતોના ભવિષ્ય માટે ચિંતા કરવાનો યુનિવર્સિટીનો સરાહનીય પ્રયાસ છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશનો વિશ્વની અન્ન જરૂરિયાતો પૂરી પાડવામાં મહત્વનો ફાળો છે. સંયુક્ત પરિવારનું વિભાજન થવાથી જમીન ટૂંકી થતી જાય છે. જમીનની વહેંચણી થવાથી ખેતીની જમીન ઘટી રહી છે. જેથી ટૂંકી જમીનમાં નાના ખેડૂતોને આધુનિક યંત્રો દ્વારા ખેતી કરવી પોષાય તેમ નથી. ઉપરાંત ગૌવંશ આધારિત કૃષિ ક્રમશઃ નામશેષ થઈ રહી હોવાથી પોષણક્ષમ કૃષિ પદ્ધતિ આશીર્વાદરૂપ બનશે એમ તેમણે કહ્યું હતું.

કૃષિ વૈજ્ઞાનિકો-તજજ્ઞોના માર્ગદર્શન મુજબ ખેડૂત ખેતી કરી વધારે અને ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદન તેમજ સારા પોષણક્ષમ ભાવ મેળવે એવો રાજ્ય સરકારનો અભિગમ છે એમ જણાવી શ્રી ફળદુએ વિવિધ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ક્લસ્ટર બનાવી આ પ્રકારના કૃષિલક્ષી સેમિનાર આયોજિત કરવા ખૂબ જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુમ્માએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, નાના અને સીમાંત ખેડૂતો માટે ટ્રેક્ટર સહિતના મોંઘા કૃષિ ઉપકરણોથી ખેતી કરવી ખૂબ કઠિન હોય છે. તેમના કૃષિ સંબંધિત કૌશલ્ય વિકાસ માટે સવિશેષ ધ્યાન આપવું એ સમયની માંગ છે. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે 'ચલે ગાંવ કી ઔર' સુત્રને સાર્થક કરી ગ્રામીણ અર્થતંત્રને ધબકતું કરવું જરૂરી છે. જેના વડે ગ્રામ્ય વિસ્તારોની આર્થિક ઉન્નતિનો માર્ગ ખૂલશે એમ શ્રી ગુમ્માએ ઉમેર્યું હતું. કૃષિમંત્રીએ કૃષિ ઓજારોના પ્રદર્શનની મુલાકાત લઈને પ્રદર્શિત કૃષિ ઓજારોને રસપૂર્વક નિહાળ્યા હતા. આ વેળાએ 'કૃષિ વિકાસ અને સંશોધન' પુસ્તકનું મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરાયું હતું.

## આવકાર મહિલા ટ્રસ્ટ દ્વારા ભારતીય સંવિધાન દિવસની ઉજવણી કરાઈ

સુરત

આજે તા.૨૬ નવેમ્બરના દિવસને ભારતીય બંધારણ ઘડતર દિવસ અને કાયદા દિવસ તરીકે પણ ઉજવીએ છીએ. આજરોજ આવકાર મહિલા ચેરીટેબલ ટ્રસ્ટ, ગોડાદરા સુરત ખાતે ભારતીય બંધારણના વિષય ઉપર કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરી લોકોમાં કાયદાકીય જાગૃતતા આવે તે માટે એડવોકેટ પ્રીતિ જોષી દ્વારા આ કાનૂની શિબિરનું આયોજન કરી ભારતીય બંધારણે આપેલા વ્યક્તિઓના હદ અધિકાર અને ફરજોની વિસ્તૃત સરળ માહિતી પૂરી પાડેલી. જેમાં જાગૃતિ મહિલા મંડળના પ્રમુખ વાસંતીબેન શર્મા પણ ઉપસ્થિત રહી સમાજ પ્રત્યેની જવાબદારીમાં સંસ્થાનો ફાળોના વિષય પર જાણકારી આપેલી. આ કાયક્રમ આવકાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ લતાબેન ઠાકોર અને કોમલ ઠાકોરે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## તા.૨૮'મીએ ૩૦ મહિલા સંસદ સભ્યોની પાર્લામેન્ટરી કમિટિ સુરત શહેરમાં આવશે

સુરત

નોટબંધી અને જીએસટી લાગુ થયા પછી સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ગંભીર મંદીની સ્થિતિ ઉભી થઈ હોવાના અહેવાલોને પગલે કેન્દ્ર સરકારે લોકસભા અને રાજયસભાના ૩૦ મહિલા સાંસદોની પાર્લામેન્ટરી કમિટિ ૨૮મી નવેમ્બરે સુરતની મુલાકાત લઈ સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગમાં કામ કરતી મહિલાઓની રજુઆતો સાંભળશે.

શ્રી મતી બીજોયા ચક્રવર્તીના ચેરમેનપદ હેઠળની આ કમિટી ૨૭મી નવેમ્બરે આ કમિટી મુંબઈથી રાજધાની ટ્રેન મારફતે સુરત આવશે અને ૨૮મી સવારે ૧૦ કલાકે સુરતની મહિલા ઉદ્યોગ સાહસિકોને સાંભળશે. આ પ્રતિનિધિ મંડળ સમક્ષ સુરતની મહિલા કારીગરોને કામ સામે યોગ્ય પુરસ્કાર મળે તે માટે એસજીપીસી દ્વારા પાર્લામેન્ટરી કમિટી સમક્ષ રજુઆત કરાશે. આ રજુઆતમાં મહિલાઓ દ્વારા સંચાલિક ટેક્ષટાઈલ યુનિટ માટે સ્પેશયલ સબસીડી આપવા તથા મહિલાઓ દ્વારા કાર્યરત કંપનીઓ અથવા જે ટેક્ષટાઈલ યુનિટમાં ૬૦ ટકાથી વધુ મહિલાઓ કામ કરે છે તેમના માટે સ્પેશ્યલ પોલીસીની માંગ કરાશે. સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ૧.૫૦ લાખથી વધુ મહિલા કારીગરો કાર્યરત છે. તેમનો ડેટા ઉભો કરી રોજગારી માટે મોબાઈલ એપ્લીકેશન બનાવવાની પણ માંગ કરાશે. તે ઉપરાંત મહિલાઓ દ્વારા સંચાલિક એકમો માટે વીજ સબસીડી પણ આપવા પણ માંગ કરવામાં આવશે.

### વડોદ ગામમાં એક પર જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ

પાંડેસરા વડોદ ગામ એક વ્યકિતની ઉપર જીવલેણ હુમલો થયો હતો. અજાણ્યા વ્યકિતએ ઘાતક શસ્ત્રાથી ગંભીર ઈજા પહોંચાડી હત્યાની કોશિષ કરી હતી.

વડોદગામ ન્યૂ સૂર્ય વિજય સો મિલ પાસેથી પસાર થતા શંકરભાઈ બહાનુભાઈ પવાર ઉપર અજાણ્યા વ્યકિતએ ઘાતક શસ્ત્રથી હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયા હતા. બનાવ અંગે ખીમજીભાઈ પટેલે પાંડેસરા પોલીસને જાણ કરી હતી. આ બનાવ તા. ૨૪મીના રોજ સાંતેક વાગ્યા બાદ રાત્રિ સમય દરમિયાન બન્યો હતો. બનાવ અંગે પાંડેસરા પોલીસે હત્યાની કોશિષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



# બંધારણના અસરકારક અમલની માંગ સાથે આદિવાસી યુવાનોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું



ભરૂચ જિલ્લો બહુલ આદિવાસી વસતી ધરાવતો જિલ્લો છે. ત્યારે આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં અનૂસૂચિ- ૫ નો અમલ કરી અનુસુચિત જાતિને તેના બંધારણીય અધિકારો આપવા માટે સોમવારના રોજ આદિવાસી યુવાનોએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી.

આદિવાસી યુવાનો દ્વારા પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે, બંધારણના ભાગ -૧૦ મુજબ અનુચ્છેદ ૨૪૪ તેમજ બંધારણનાં અનુચ્છેદ ૨૪૩, ભાગ -૯ મુજબ ગ્રામસભાની કામગીરી અસરકારક બને અને બંધારણનાં શિડ્યુલ-૫ મુજબની જોગવાઈએ ગ્રામ્યસ્તરે રાજ્યની શાસન વ્યવસ્થામાં લાગુ પાડવામાં આવે.

આ સાથે એવી પણ માંગ કરવામાં આવી છે કે, ગુજરાતમાં ટ્રાયબલ એડવાઈઝરી કમિટીમાં પુનઃ રચનાની આવશ્યકતા છે. આ કમિટીમાં અનુસૂચિત ક્ષેત્રની જિલ્લા પંચાયતના અધ્યક્ષને સ્થાન આપવામાં આવે. તેમજ અનુસૂચિત ક્ષેત્ર સિવાય વસવાટ કરતા અનુસૂચુત જનજાતિઓને પણ બંધારણીય લાભ મળે તે માટે એડવાઈઝરી કાઉન્સિલની રચના કરવામાં આવે.ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં આવેલી ૭૩-એએની જમીનો પણ સરકાર દ્વારા નોટીફાઈટ વિસ્તાર જાહેર કરી આદિવાસીઓ પાસેથી હડપી લેવામાં આવે છે. તેવી જમીનો પણ આદિવાસીઓને પરત કરવામાં આવે તેવી માંગ કરી છે.

### રામમંદિરના નિર્માણ માટે

# સરકાર કોર્ટના ચુકાદા પછી નિર્ણય લેશેઃ અમિત શાહ



નવીદિલ્હી

અયોધ્યા મામલે હિન્દૂ સંગઠનો, સંતો દ્વારા ધર્મ સભા રી મોદી સરકાર પર વટહુકમ લાવવાનું દબાણ બનાવવામાં આવી રહ્યું છે, પરંતુ એવું થવાના સંકેત મળી રહ્યા નથી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એક ન્યૂઝ ચેલને આપેલ ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, સરકાર આગામી જાન્યુઆરીમાં સુપ્રીમ કોર્ટની સુનાવણીની રાહ જોશે.

અમિત શાહે કહ્યું કે, હાલ મંદિર મુદ્દો ભાજપ માટે વ્યૂહાત્મક નથી. સુપ્રીમ કોર્ટમાં આ કેસ ૯ વર્ષથી ચાલી રહ્યો છે. ભાજપે ક્યારેય આ કેસને ટાળવાના પ્રયાસ કર્યા નથી. કોંગ્રેસે કેસની સુનાવણી ટાળવા કોર્ટમાં અગાઉ અરજ કરી હતી, જો આખો મુદ્દો અમારા હાથમાં હોત તો ક્યારનો તેનો ઉકેલ આવી ગયો હોત. રામમંદિરના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં જાન્યુઆરીમાં ચુકાદો આવે તેવી સંભાવના છે, ત્યારે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

સરકાર રામમંદિર મુદ્દે વટહુકમ બહાર પાડશે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં શાહે કહ્યું કે કોર્ટનો ચુકાદો આવે તે પછી મહત્ત્વનો નિર્ણય લેવાશે. વધુમાં શાહે કહ્યું કે ભાજપ પાસેથી રામમંદિરનો મુદ્દો શિવસેનાએ આંચકી લીધો છે તેવા પ્રશ્નના જવાબમાં શાહે કહ્યું કે ઉદ્ધવ ઠાકરે તેમના જન્મ પછી પહેલી વાર અયોધ્યા આવ્યા છે તેમને આવવા દો.

# ઈરાનમાં ૬.૩ તીવ્રતા સાથે ધરતીકંપ : સેંકડો ઈજાગ્રસ્ત

તહેરાન

ઈરાનમાં આજે ફરી એકવાર પ્રચંડ તીવ્રતા સાથે ભૂકંપ આવવાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધરતીકંપના કારણે ઓછામાં ઓછા ૧૭૦ લોકો ઘાયલ થયા હોવાના હેવાલ મળ્યા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. વ્યાપક નુકસાનના હેવાલ પણ મળી રહ્યા છે. ધરતીકંપની તીવ્રતા ૬.૩ આંકવામાં આવી છે. ઈરાનની ઈરાક સરહદ પર પશ્ચિમી વિસ્તારોમાં આંચકાનો અનુભવ થયો હતો. કેરમનશાહ પ્રાંતના સરપોલ જે જહાબ વિસ્તારમાં સૌથી વધારે અસર જવા મળી હતી. તેનુ કેન્દ્ર જમીનથી દસ કિલોમીટર નીચે રહ્યુ હતુ. જો કે ઈરાનના ટેલિવીઝન ચેનલ દ્વારા કહેવામાં આવ્યુ છે કે જમીનથી પાંચ કિલોમીટર નીચે તેનુ કેન્દ્ર હતુ. આ ધરતીકંપના કારણે વધારે નુકસાન થયુ હોવાના દાવા પણ કરવામાં આવી રહ્યા છે. ઈરાનના સાત પ્રાંતમાં તેની અઈસર જોવા મળી હતી. સ્થાનિક વહીવટીતંત્રના કહેવા મુજબ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી ચુકી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ ટીમો પહોંચી ચુકી છે. ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈરાન દુનિયાના સૌથી વધારે ધરતીકંપ પ્રભાવિત વિસ્તાર તરીકે છે.

# ઈન્ડિગોમાં મુસાફરે વેબ ચેક-ઈન માટે ચુકવવા પડશે નાણાં

નવી દિલ્હી

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો અને જેટ એરવેઝે રેવેન્યુ વધારવા અને કોસ્ટ ઘટાડવા માટે પોતાની સ્ટ્રેટિજીમાં ફેરફાર કર્યો છે. ઈન્ડિગોએ રવિવારે પ્રત્યેક સીટ માટે એક પ્રાઈસની શરુઆત કરી વેબ ચેક-ઈનને ચાર્જેબલ બનાવી દીધી છે. એનો મતલબ એ છે કે જો તમે એરપોર્ટ પર લાંબી લાઈનથી બચવા માટે વેબ ચેક-ઈન કરો છો તો તમારે આ માટે પૈસા ચુકવવા પડશે. ઈન્ડિગો ડોમેસ્ટિક માર્કેટની કિંગ છે અને તેનુ માર્કેટના ૪૩ ટકા ભાગ પર કબજો છે. એવામાં બીજી લો કોસ્ટ કેરીયર પણ આ પ્રકારે પગલુ લઈ શકે છે. બીજીબાજુ, જેટ એરવેઝે ઈકોનોમી ક્લાસમાં યાત્રા કરનાર પોતાની જેટ પ્રિવલેઝ લોયલ્ટી પ્રોગ્રામના મેમ્બર્સને જણાવ્યુ છે કે તે હવે તેના લાઉંઝનો ઉપયોગ નહીં કરી શકે. એક મુસાફરના ટ્વિટના જવાબમાં ઈન્ડિગોએ જણાવ્યુ કે, તેના મુસાફરોએ તેનો વેબ ચેક-ઈન પુરુ કરવા માટે એક સીટ માટે ચુકવણી કરવી પડશે. ઈન્ડિગોએ જણાવ્યુ કે, અમારી સંશોધિત પોલીસી મુજબ, વેબ ચેક-ઈન માટે તમામ સીટ ચાર્જેબલ હશે. વિકલ્પ તરીકે તમે એરપોર્ટ પર ફી ચેક-ઈન કરી શકો છો. સીટો ઉપલબ્ધતા મુજબ આપવામાં આવી છે. એક મુસાફરના સીટ પસંદ કરવાના આધારે પ્રાઈસ ૨૦૦ રુપિયાથી ૧ હજાર રુપિયા વચ્ચે છે. પ્રથમ હરોળની સીટો અને ઈમરજન્સી સીટો સાથે વધુ લેગ સ્પેસ હોવાના કારણે તેનો ચાર્જ અન્ય સીટો કરતા વધુ હોય છે.



*વેડદરવાજાથી કતારગામ દરવાજા સુધીના માર્ગ પર ફ્લાય ઓર બ્રીજ બનાવવાના કામમાં નડતરરૂપ કબૂતરોનો ચબુતરો સુરત મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યો છે. છતાં કાયમી ધોરણે ટેવાઈ ગયેલા કબૂતરો ચણ ચણવા તૂટી ગયેલા ચબુતરાના સ્થળ પર આવી પહોંચતા હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.*

### બજારમાં લીલા વટાણા સરળતાથી મળી રહે છે

# શિયાળામાં લીલા વટાણાનુ સેવન તમને રાખશે તંદુરસ્ત

## કેલેરી અને અનેક પોષક તત્વોથી સજજ લીલા વટાણા ખાવાથી તમારી તંદુરસ્તીને પણ મોટો ફાયદો થઈ શકે

નવી દિલ્હી

શિયાળાની મોસમમાં તમે જો ભાજનમાં લીલા વટાણાનુ સેવન કરતા હશો તે તે તમારી તંદુરસ્તી માટે ખુબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. તેમજ શિયાળામાં લીલા વટાણા પણ બજારમાં સરળતાથી મળી રહે છે. આ લીલા વટાણાથી તમે પનીર, પુલાઉ, બટાકા, ફુલાવર સહીતાનાં શાકભાજી સહીતને એવી કેટલીય વસ્તુઓ બનાવી શકો છો જેનુ નામ સાંભળતાની સાથે તમારા મોઢામાં પાણી આવી શકે છે. સાથે જે કેલેરી અને અનેક પ્રકારનાં પોષક તત્વોથી સજજ આ પ્રકારની શાકભાજી ખાવાથી તમારી તંદુરસ્તીને પણ મોટો ફાયદો થઈ શકે છે. જો તમે વજન ઘટાડવા માંગતા હોવ તો તમારા માટે એવો ખોરાક ઉત્તમ રહેશે જેમાં કેલેરી ઓછી હોય પરંતુ પોષક તત્વોનો ભંડાર હોય અને લીલા વટાણા તમારી આ જરૂરીયાને પુરી કરી શકે છે. જેથી વજન ઘટાડવા માંગતા લોકો માટે પણ લીલા વટાણાનુ સેવન ખુબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે એક કપ લીલા વટાણામાં ૧૧૮ કેલેરી હોય છે. આ ઉપરાતં લીલા વટાણામાં નિયાસીન નામનુ તત્વ હોય છે. જે તમારા શરીરમાં કોલેસ્ટ્રોલનુ વધતુ જતુ પ્રમાણ અટકાવે છે. આ કોલેસ્ટ્રોલનાં વધારે પડતા પ્રમાણનાં કારણે જ વ્યક્તિને હ્રદય રોગ સબંધીત બિમારીઓ થઈ શકે છે.આ ઉપરાંત લીલા વટાણામાં મોટી માત્રામાં એંટીઓક્સીડેટસ હોય છે. જે તમારા લોહીને વેસલ અને આર્ટરીજનાં વધતા જતા પ્રમાણને અટકાવે છે. આ ઉપરાંત લીલા વટાણાનો શુપ્ર પીવાથી તમારા બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. તેમજ જો તમને કબ્જીયાતની સમસ્યા હોય તો તો તમારે એવી વસ્તુઓનુ જ સેવન કરવુ જોઈએ જેમાં વધુમાં વધુ માત્રામાં ફાયબર મળતો હોય. તેનાથી બોવેલ મુવમેન્ટસ સાફ થાય છે. લીલા વટાણામાં પણ વધુ માત્રામાં ફાયબર રહેલો છે. જેથી કબ્જીયાતની સમસ્યામાં પણ લીલા વટાણા ઉપયોગી સાબિત થઈ શકે છે.

### ઈંસુલિનની ભારે અછત સર્જાવાની શરુઆત

# દુનિયાથી ઝડપથી ખતમ થવા જઈ રહ્યુ છે ઈંસુલિન : સર્વે

## ૨૦૩૦ સુધી મહામારી બની ચુકેલ ડાયાબિટીસના ૪ કરોડ દર્દીઓ રહી જશે દવાથી વંચિત : અભ્યાસનુ તારણ

નવી દિલ્હી

દુનિયાભરમાં ડાયાબિટીસ મહામારી તરીકે ફેલાઈ રહી છે અને ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં ઉપયોગમાં લેવાનાર દવા ઈંસુલિનની માંગ પણ ઝડપથી વધી રહી છે પરંતુ આગામી કેટલાક વર્ષોમાં લાખો-કરોડો લોકો એવા હશે જે ઈંસુલિનના ઈંજેક્શનથી વંચિત રહી જશે. હાલમાં જ થયેલ એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. જેમાં જણાવાયુ છે કે, ઈંસુલિનની વધતી ડિમાન્ડને જોતા જો તેની આપૂર્તિ અને કિંમતમાં પણ ઘટાડો નહીં કરવામાં આવે તો ઘણા બધા ડાયાબિટીસના દર્દીઓને ઈંસુલિન નહીં મળી શકે. ૧૯૮૦માં જ્યાં દુનિયાની ૫ ટકા વસ્તી ડાયાબિટીસથી પીડીત હતી, તેમજ આજે આની સંખ્યા બે ગણી થઈ ગઈ છે એટલે કે હવે દુનિયાની ૧૦ ટકા વસ્તી ડાયાબિટીસથી પીડિત છે. ડાયાબિટીસ એક એવી બિમારી છે જેનો સમયસર સારવાર ન થઈ તો પીડિત વ્યક્તિની આંખોની રોશની જઈ શકે છે, કિડની ફેલ થઈ શકે છે, હ્રદય સાથે સંકળાયેલ બિમારી લાગુ પડી શકે છે અને ત્યાં સુધી કે શરીરના કોઈ ભાગ કાપવા સુધીનો વારો આવી શકે છે. દુનિયાભરમાં ટાઈપ ૨ ડાયાબિટીસ બહુ ઝડપથી ફેલાઈ રહી છે, જેનો સંબંધ મોટાપા અને કસરતની ઉણપ છે. લોકોની બદલાતી લાઈફસ્ટાઈલ ટાઈપ ૨ ડાયાબિટીસનુ સૌથી મોટુ કારણ છે. સંશોધનકર્તાઓનું માનીએ તો આગામી ૧૨ વર્ષમાં ટાઈપ-૨ ડાયાબિટીસની સફળ સારવાર માટે ૨૦ ટકા વધુ ઈંસુલિનની જરુરીયાત પડશે. પરંતુ વર્ષ ૨૦૩૦ સુધી દુનિયાના ૭ કરોડ ૯૦ લાખ ટાઈપ ૨ ડાયાબિટીસના અડધા દર્દીઓ સુધી પણ ઈંસુલિન નહીં પહોંચી શકે. સ્ટૈન્ફોર્ડ યુનિવર્સિટીના ડો. સંજય બાસુ કહે છે કે એશિયા અને આફ્રિકાના દેશોમાં ઈંસુલિનની સૌથી વધુ અછત જોવા મળી રહી છે. આમ તો યુનાઈટેડ નેશન્સે ડાયાબિટીસની દવા તમામને પહોંચાડવા માટે આ અંગે દિશા નિર્દેશ જાહેર કર્યા છે, પરંતુ તેમ છતાં આગામી વર્ષોમાં ઈંસુલિનની અછત સર્જાઈ શકે છે.

### આંતરરાષ્ટ્રીય કુડની કિંમતોમાં ઘટાડો જારી

# પેટ્રોલ-ડીઝલ કિંમતમાં વધુ ઘટાડો, રાહતનો સિલસિલો

## પેટ્રોલની કિંમતમાં ૩૫-૩૭ પૈસા સુધીનો ઘટાડો કરાયો

નવી દિલ્હી,તા. ૨૬

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે સોમવારના દિવસે પણ ઘટાડો કરવામાં આવ્યો હતો. છેલ્લા સપ્તાહમાં જોરદાર ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં ૩૫-૩૭ પૈસા અને ડીઝલની કિંમતમાં ૪૧-૪૩ પૈસા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઓક્ટોબર મહિના બાદથી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવે તે પહેલા અવિરત ભાવ વધારાના લીધે લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતુ. ઓક્ટોબર મહિનામાં સૌથી ઉંચી સપાટી પર પહોંચી ગયા બાદથી તેમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.છેલ્લા ૪૦ દિવસના ગાળામાં જ ક્રુડ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. તેલ કિંમતોમાં ઘટાડાના પરિણામ સ્વરુપે વાહન ચાલકોને સતત રાહત મળી રહી છે. ડીઝલની કિંમત ઘટવાથી ચીજવસ્તુઓની અવરજવરને લઈને પણ ખર્ચમાં ઘટાડો થયો છે. જેના લીધે લોકોને મોંઘવારીથી રાહત મળી ગઈ છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધુ ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ પેટ્રોલની કિંમત ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત બે મહિનાની નીચી સપાટી પર પહોંચી ગઈ છે. ઘટાડાનો દોર યથાવતરીતે જારી રહેતા લોકોને વધુને વધુ રાહત મળી રહી છે. ડિસેમ્બર ૨૦૧૭ બાદથી બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિબેરલ ૫૯.૦૪ ડોલર સુધી પહોંચી ગઈ છે જે હાલના સમયની સૌથી ઓછી કિંમત છે. તેલ કિંમતોમાં ઘટાડાનો દોર હજુ જારી રહી શકે છે. નવેમ્બર મહિનામાં હજુ સુધી પેટ્રોલની કિંતમમાં પાંચ રુપિયા અને ડીઝલની કિંમતમાં ૪.૩૦ સુધીનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. છેલ્લા એક મહિનાના ગાળામાં પેટ્રોલની કિંમતમાં આઠ અને ડીઝલની કિંમતમાં છ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. ૧૭મી ઓક્ટોબર બાદથી પેટ્રોલમાં આઠ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. ઘટાડાના લીધે વાહનચાલકો સહિત સામાન્ય લોકોને મોંઘવારીથી રાહત મળી છે. એક સામાહના ગાળામાં જ બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં ૧૧ ટકાથી વધુનો ઘટાડો થઈ ચુક્યો છે. આજે સતત પાંચમા દિવસે ઘટાડો કરાયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલન કિંમતમાં ઓગષ્ટના મધ્યથી વધારો શરૂ થયા બાદ ભાવ વધારાન ભારતમાં શરૂઆત થઈ હતી.છેલ્લા એક મહિનાથી તેલની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. હવે કિંમતો ઓગષ્ટ મહિના કરતા પણ ઓછી થઈ ગઈ છે.





**સુરત મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરતી કચરા ગાડી સગરામપુરા તલવાડી વિસ્તારમાં આકિસ્મક રીતે ઉથલી પડી હતી. સદ્નસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.**

# રાજપીપળાની ગલીઓમાં ઉછરેલા રાજ મોદી ઝિમ્બાબ્વે સરકારમાં ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ મિનિસ્ટર બન્યા



**● ઝિમ્બાબ્વેની ધરતી પર નર્મદાનું ગૌરવ વધારતા રાજપીપળાના પનોતા પુત્ર રાજ મોદીનું રાજપીપળા વણિક સમાજ સન્માન કરાશે.**

**● રાજપીપળાથી ઝિમ્બાબ્વે ધંધા અર્થે ગયા,ત્યાં જઈ સેવાકીય કાર્ય દ્વારા લોકોના દિલમાં વશી ગયા,આમ જનતાની ઈચ્છાને લીધે ચૂંટણીમાં ઝંપ લાવ્યું અને બહુમતીથી ચૂંટાઈ પણ આવ્યા.**

રાજપીપળા:રાજપીપળાનો એક યુવાન આજથી ૩૦-૩૫ વર્ષ પેહલા ધંધા અર્થે રાજપીપળા છોડી સાત સમુદ્ર પાર એવા પૂર્વ આફ્રિકા ખંડના એક દેશ ઝિમ્બાબ્વેમાં જઈને વસાવાટ કર્યો.ત્યાં જઈ એમણે એક એવો મુકામ હાસિલ કર્યો કે જેને લીધે નર્મદા જિલ્લાનું અને ખાસ કરીને રાજપીપળાનું નામ રોશન થયું.હાલમાં જ ઝિમ્બાબ્વેમાં યોજાયેલ ચૂંટણીમાં તેઓ જંગી બહુમતીથી જીત્યા અને ઝિમ્બાબ્વે સરકારમાં ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ મિનિસ્ટર બન્યા.

મહારાષ્ટ્રના ધૂલીયા નવાપુરા ગામે જન્મેલા રાજેશકુમાર ઈન્દુલાલ મોદીએ પોતાનો ન્મ નો અભ્યાસ ભરૂચ જિલ્લામાં પૂર્ણ કર્યો.બાદ તેઓએ રાજપીપળા ય્ઈમ માં એક મીટર રીડર તરીકે નોકરી પણ કરી.બાદ તેઓએ ધંધા અર્થે વર્ષ ૧૯૮૧માં વિદેશના આફ્રિકાના ઝિમ્બાબ્વે દેશમાં વસવાટ કર્યો.બાદ ત્યાં શરૂઆતમાં નાની એવી નોકરી કરી તથા નાનો ધંધો શરૂ કર્યો.ધંધાની સાથે સાથે તેઓએ ત્યાં જ સેવાકીય કર્યો કર્યા,જંગલ વિસ્તારોમાં જ્યાં ખાવાનું પણ નસીબ નથી થતું ત્યાં જઈ ભુખ્યાને મદદ કરી.પોતાની આગવી સુજબૂજ અને સાહસિકતાની શક્તિનો ઉપયોગ કરી સમાજ સેવા સાથે ઝીમ્બાબ્વે દેશની આમ જનતામાં લોકપ્રિય બન્યા અને ગત ૨૦૧૮ના ઝિમ્બાબ્વે દેશની ચૂંટણીમાં (રાજકીય ક્ષેત્રે)આમ જનતાની ઈચ્છાથી કદમ મુક્યો.અને જંગી બહુમતીથી તેઓ ચૂંટાઈ પણ આવ્યા.બાદ તેમને ઝીમ્બાબ્વેની સરકારમાં ઝીમ્બાબ્વે દેશના ડેપ્યુટી મીનીસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ વિભાગના પ્રધાન તરીકે નિમણુંક આપવામાં આવી.જે ખરેખર નર્મદા જિલ્લા અને ખાસ કરીને રાજપીપળા માટે ગૌરવની વાત કહેવાય.હવે એમની આ સિધ્ધીને લીધે રાજપીપળા વણિક સમાજ અને નર્મદા જીલ્લાની અનેક સંસ્થાઓ દ્વારા આગામી ૨૮ નવેમ્બરે એમનો સન્માન સમારંભ રખાયો છે.આ સમારંભ માટે તેઓ ઝિમ્બાબ્વે સરકારના ડેલીગેટ્સ સાથે રાજપીપળા આવનાર છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળાની ગલીઓમાં ઉછરેલા રાજેશકુમાર ઈન્દુલાલ મોદી જયારે ઝિમ્બાબ્વે ગયા હશે ત્યારે તેઓએ એવું તો નહિ જ વિચાર્યું હોય કે એક દિવસ તેઓ એ જ દેશના ઉચ્ચસ્થાને બિરાજમાન થશે,પણ રાજપીપળા માટે આ ગૌરવની વાત તો કહેવાય જ.

# ભાવનગર એસ.પી એ નર્મદા માં છેડયા સંગીત ના સુર..ગુજરાતી, હિન્દી ગીતો ની રમઝટ બોલાવી



**વડિયા ની વૃંદાવન સોસાયટી માં સંગીત સંધ્યા નું આયોજન.**

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલ વડિયા ગામની વૃંદાવન સોસાયટી માં સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાવનગર ના જિલ્લા પોલીસ વડા પી.એલ માલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા જેમણે જાતે આ સંગીત સંધ્યા માં ગુજરાતી હિન્દી ગીતોની રમઝટ બોલાવી લોકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. વૃંદવાન સોસાયટી ના પ્રમુખ વિનોદ વસાવા તેમની મ્યુઝિકલ પાર્ટી ના સહયોથી આ સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમની સાથે સંગીતના સૂર રેલાવા સંગીત શનિવારી ની સમગ્ર ટીમ હાજર રહી હતી. તત્કાલીન નર્મદા જિલ્લા પોલીસ વડા અને કેવડિયા ડેમ પર જીઈ ગ્રુપ ના સેનાપતિ રહી ચૂકેલા પ્રવીણ માલ સાથે નર્મદા ના લોકો સાથે એટલો આત્મીય સબંધ બની ગયો છે કે જ્યારે પણ જેતે જિલ્લામાં પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા હોય અને રજા મળે તો રિલેક્સ માટે મનોરંજન માટે તેઓ રાજપીપળા ચોક્કસ આવે છે. આમ તેઓ વડિયા ની વૃંદાવન સોસાયટી માં પોતાના પરિવાર સાથે રોકાયા હતા અને આ સંગીત સંધ્યાની મઝા માણીને પોતે ગીતો ગાઈ ને સંગીતના સુરો રેલાવ્યા હતા. જેમની સાથે ભારતસિંહ માંગરોલા, વિનોદ વસાવા, લોટનસિંગ મોહિતે,ધર્મેશ પંડ્યા, ફાલ્ગુની પંડ્યા સહિત કલાકારો હાજર રહ્યા હતા.

# ઝાડેશ્વરમાં આયોજિત રામ કથા શ્રવણ કરવા લોકો ઉમટી પડ્યા

**સમાજ સેવા અર્થે મેઘદૂત સોસાયટીમાં કથા સપ્તાહ**

અંકલેશ્વર

ઝાડેશ્વર ખાતે મેઘદૂત સોસાયટીમાં સમાજ સેવા સહ ભક્તિનાં હેતુથી યોજીત રામકથામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય કથાકાર અને માત્ર ૩૪ વર્ષની આયુમાં દેશ વિદેશમાં ૧૬૯ રામકથા કરનાર મેહુલભાઈ જાની મેઘદૂત સોસાયટી ખાતે શેતાઓને કથાનું રસપાન કરાવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ન્યૂયોર્કમાં એક વિજ્ઞાને સવાલ કર્યો હતો કે ભારતમાં માનસિક રોગનાં દવાખાના બહુ ઓછા છે એની પાછળનું કારણ શું ય તો એમણે જણાવ્યું હતું કે ભારતની પ્રજા અધ્યાત્મ તરફ વધુ જોડાય છે અને એમાંથી માનસિક શાંતિ પ્રાપ્ત થતા આવા રોગો બહુ ઓછા થાય છે. આ કથામાં અંકલેશ્વરના માં વિધ્યવાસિની ચેરીટેબલ ટ્રસ્ટના જે.જે. સ્કૂલે રામજન્મનાં પ્રસંગે મહાપ્રસાદીનું આયોજન કર્યું હતું. સાથે જ દિવ્ય જીવન અંધના તેઓ ટ્રસ્ટી છે અને તેમણે હોસ્પિટલમાં ગરીબ મહિલાઓને વિના મૂલ્યે સારવારની પણ જાહેરાત કરી હતી.

# બાકી સ્ટેમ્પ ડ્યુટી ભરી દેવા સાત દિવસની આખરી મહેતલ

**ડ્યુટી નહીં ભરનારની મિલ્કત જપ્ત કરવામાં આવશે**

નવસારી

નવસારી નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાકંન તંત્ર નવસારીની યાદી જણાવે છે કે, કચેરીમાં નોંધાયેલા ૨૩૦૦ જેટલા નોધાયેલા મિલકતના દસ્તાવેજોની સ્ટેમ્પ ડ્યુટી બાકી છે. આવા બાકીદારોને નોટીસો આપી, ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમ દંડ, વ્યાજ, સરચાર્જ સહિત ભરપાઇ કરવા જણાવવામાં આવ્યું હોવા છતાં, મિલકતધારકો દ્વારા રકમ ભરવામાં આવી હતી. બાકીદારોને સાત દિવસમાં વ્યાજ સહિતની રકમ ભરપાઇ કરી જવા નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી નવસારી દ્વારા તાકીદ કરવામાં આવી છે.

નાયબ કલેકટરે સાત દિવસમાં સ્ટેમ્પ ડ્યુટીની વ્યાજ સહિતની રકમ ન ભરનારા સામે કડક પગલાં તરીકે બાકીદારોની સ્થાવર/જંગમ મિલકત જપ્ત કરવા કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું છે આ ઉપરાંત મોટા બાકીદારોની નામોની યાદી વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાની ચીમકી આપી છે.

# દક્ષિણ ગુજરાતનાં ૯ જિલ્લાઓનો દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષાનો કલા ઉત્સવ ભરૂચના આંગણે

**તા.૨૭ નવેમ્બરે નારાયણ વિદ્યાવિહાર સ્કુલ, અલકનંદા સોસાયટી, તુલસીધામ - ભરૂચ ખાતે કલા ઉત્સવ યોજાશે**

ભરૂચ:એન.સી.ઈ.આર.ટી. નવી દિલ્હી દ્વારા RMSA યોજના અંતર્ગત ધો-૯ થી ધો-૧૨ માં અભ્યાસ કરતાં સરકારી, ગ્રાન્ટેડ તથા નોન-ગ્રાન્ટેડ, કેન્દ્રિય સરકારી શાળાઓ, લોકલ બોડી, કે.વી.ઓ સ., એન.વી.એસ. રલ્વે સ્કુલ(BSF/CRPF/ARMY/AIRFORCE/CANTPMENTBOARD/NDMC વગેરે) શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય કક્ષાએ કલા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત દક્ષિણ ગુજરાતનાં ૯ જિલ્લાઓનો દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષાનો કલા ઉત્સવ ભરૂચ જિલ્લા ખાતે તા.૨૭/૧૧/૨૦૧૮ મંગળવારનાં રોજ નારાયણ વિદ્યાવિહાર સ્કુલ, અલકનંદા સોસાયટી, તુલસીધામ - ભરૂચ ખાતે યોજવામાં આવેલ છે.

કલા ઉત્સવનો ઉદ્દેશ દેશનાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખવા, પ્રોત્સાહિત કરવા અને શિક્ષણમાં કલાનું મહત્વ વધારવાનું છે. ભારતમાં કલા અને કલાત્મકતાની પ્રાચીન પરંપરા રહી છે. કલા શિક્ષણ વિદ્યાર્થીઓને સંસારની સુંદરતાનો અનુભવ કરાવી તેની પ્રશંસા કરવા યોગ્ય બનાવે છે અને તેમના સંપૂર્ણ વિકાસમાં સહયોગ કરે છે. કલા ઉત્સવ શાળાઓની વ્યવસ્થામાં કલારૂપોનો એક અગ્રણી ઉત્સવ બનશે. કલા ઉત્સવ જિલ્લા, ઝોન, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. કલા ઉત્સવ બાળકોને તક આપીને તેમાં છુપાયેલી ટેલેન્ટને કલા ઉત્સવ દ્વારા કલા સંસ્કૃતિની તક પુરી પાડી રાષ્ટ્રીય કક્ષાએ તેમને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન છે. ભારત પરંપરાગત કલાઓના પ્રદર્શનની ભૂમિ છે જેમાંથી મુખ્ય કલાઓ જે લુપ્ત થઈ ગયેલ છે તે જીવંત બનશે.

દક્ષિણ ઝોનમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, નવસારી, છોટાઉદેપુર, ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે. કલા ઉત્સવમાં કંઠ્ય સંગીત, વાદ્ય સંગીત, લોકનૃત્ય, ચિત્રકલા એમ ચાર સ્પર્ધાઓને સમાવવામાં આવશે. આ કલા ઉત્સવની બધી જ પ્રવૃત્તિઓ વ્યક્તિગત કરવાની રહેશે. કલા ઉત્સવ શાળા અને સમાજ વચ્ચે સારા સંબંધો કાયમ બનાવી શકશે. કલા ઉત્સવ વિદ્યાર્થીઓને જીવંત પારંપરિક કલાને શોધવા સમજવા અને રજુ કરવામાં સહાયક બનશે. દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષાએ દરેક સ્પર્ધામાં દરેક જિલ્લામાંથી ૮ વિદ્યાર્થીઓ સાથે ૨ કો-ઓર્ડિનેટર શિક્ષકો આવશે. દરેક સ્પર્ધા માટે પહેલા, બીજા અને ત્રીજા નંબરને ટ્રોફી અને દરેક સ્પર્ધકને ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવશે એમ જિલ્લા શિક્ષણાધિકારી - ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભરૂચ કલેક્ટર કચેરીમાં આત્મવિલોપનની ચીમકી અપાતા વહીવટી તંત્રમાં દોડધામ

**વ્યાજખોરોના ત્રાસના કારણે ચીમકી અપાતા પોલીસ અને મેડીકલ ટીમની તૈનાતી**

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ જિલ્લા કલેક્ટર કચેરી સામે આત્મ વિલોપન કરવાની પોલીસ મથકે લેખિત જાણ કરી હતી. જે સંદર્ભે આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પોલીસ કાફલો મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ સાથે પહોંચ્યો છે.

ઘટનાની વિગતો એવી છે કે, અંકલેશ્વરનાં જલધારા ચોકડી વિસ્તારમાં આવેલી અમી કોલોની ખાતે રહેતા અરવિંદ રવજી રફાળીયા નામનાં વ્યક્તિને વ્યાજખોરો ત્રાસ આપતા હોવાથી જિલ્લા કલેક્ટર કચેરી સામે જઈને આત્મ વિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જે અંગે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર કોઈ અજૂકતી ઘટના ન બને તે માટે સંપૂર્ણ તૈયારી સાથે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યું હતું. ભરૂચનાં બી ડિવીઝન પોલીસ દ્વારા આ સંદર્ભે સિવિલ સર્જનને લેખિતમાં જાણ કરી એક એમ્બ્યુલન્સ તથા તબીબોની ટીમ ફાળવી આપવા માંગણી કરવામાં આવી હતી. તો બીજી તરફ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકનાં કર્મચારીઓ કે જેઓ આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારનાર વ્યક્તિને ઓળખી શકે તે માટેની તમામ તૈયારીઓ સાથેની ટીમ આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં ઉપસ્થિત છે. આજરોજ જાણે આખી કલેક્ચર કચેરી કિલ્લેબંધીમાં ફેરવાયી હોય તેવું જોવા મળી રહ્યું છે.

# સુરતમાં નોંધાયેલા રાજદ્રોહના કેસમાં અલ્પેશ કથીરિયાની જામીન અરજી રજૂ

સુરત

અમરોલી પોલીસ મથકમાં દાખલ કરવામાં આવેલા રાજદ્રોહના ગુનામાં આરોપી અલ્પેશ કથીરિયાના એડવોકેટ યશવંતસિંહ વાળા દ્વારાજામીન અરજી રજૂ કરવામાં આવી હતી. અલ્પેશની જામીન અરજીની સુનાવણી આગામી દિવસોમાં થશે.

આ કેસની વિગતો એવી છે કે મોટા વરાછા કિષ્ણા રેસિડેન્સી ખાતે રહેતા વિપુલ અને ચિરાગ દેસાઈને ત્યાં પહોંચીને હાર્દિક પટેલ પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદન કર્યા હતા. આ કેસમાં પૂર્વ ડીસીપી મકરંદ ચૌહાણે અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહનો ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં આરોપી તરીકે વિપુલ, ચિરાગ તથા અલ્પેશ કથીરિયાના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પોલીસ હાર્દિક,ચિરાગ તથા વિપુલ દેસાઈ સામે ચાર્જશીટ પણ રજૂ કર્યા બાદ આરોપી અલપેશની ડીસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સોમવારના રોજ એડવોકેટ યશવંતસિંહવાળા દ્વારા આરોપી અલ્પેશ કથીરિયાની જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. જેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે.

# વ્યસન મુક્તિ ઝુંબેશ અર્થે ૪૮ વર્ષીય હરિકૃષ્ણ પટેલે સુરતથી ૪૫૦ કિ.મી.ની દોડ શરૂ કરી

**હરિકૃષ્ણ પટેલ ૧૮ દિવસ દોડીને રાજકોટ પહોંચશે**

સુરત

લોકોની ધનસંપત્તિ, ચારિત્ર્ય, તદ્દુંરસ્તી અને મયાર્દાઓનો નાશ કરીને સમાજને અધ:પતનની ઊંડી ખાઈ તરફ ધકેલનારો વ્યસનરૂપી રાક્ષસ પોતાના સંપૂર્ણ પ્રભાવ સાથે આજે ચોતરફ ફૂલીફાલી રહ્યો છે. વ્યસનો આજના વિશ્વની સૌથી મોટી સમસ્યા બનીને ભયંકર પરિણામો નજર સામે લાવી રહ્યાં છે, ત્યારે વ્યસનો સામે લડવાનું ખુબ મોટું આંદોલન પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજે છેડ્યું હતું. તેમણે મોટા શક્તિસ્તોત્ર એવા બાળધન અને યુવાધનને આ વ્યસનમુક્તિના સંદેશવાહક બનાવ્યા છે. ૪૦ લાખથી વધુ લોકોને પ્રમુખસ્વામી મહારાજે વ્યસનમુક્ત જીવનની પ્રેરણા આપી છે.એવા સમાજ ઉદ્ધારક પરમ પૂજય પ્રમુખસ્વામીમહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ રાજકોટ ખાતે ૫ થી ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ભવ્યતાથી ઉજવાનાર છે, ત્યારે પરમ પૂજય મહંતસ્વામીમહારાજની પ્રેરણાથી પ્રમુખસ્વામીમહારાજના એક સંદેશવાહક હરિકૃષ્ણભાઈ એલ. પટેલ, વ્યસનમુક્તિનો સંદેશ લઈને સુરતથી દોડતા દોડતા રાજકોટ જન્મજયંતી સ્થળ સુધી નીકળી રહ્યા છે.ગતરોજ તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવારના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અડાજણ ખાતેથી એમની યાત્રાનો પ્રારંભ થયો ત્યારે બી.એ.પી.એસ. ના સંતો તથા ૧૦,૦૦૦ જેટલા ભક્તોએ તેઓને શુભેચ્છા પાઠવીને વિદાય આપી હતી. વ્યસનમુક્તિ દોડવીર ૪૮ વર્ષીય શ્રી હરિકૃષ્ણભાઈ એલ. પટેલે જણાવ્યું હતું કે આજથી ૨૯ વર્ષ પૂર્વે હું ૧૯ વર્ષનો હતો ત્યારે અઠંગ વ્યસની હતો તે વ્યસનની ચુંગાલમાંથી પ્રમુખસ્વામી મહારાજે છોડાવીને મને નવું જીવન આપ્યું છે જેના કારણે હું આજે સુખી છું. તે સમયના મારા વ્યસની મિત્રો આજે નાની ઉંમરે પૃથ્વીને છોડી ગયા છે અને હું નિરામય સ્વાસ્થ્ય સાથે જીવી રહ્યો છું માટે મને સંકલ્પ થયો કે જેમણે મને બચાવ્યો તેવા પ્રમુખસ્વામીમહારાજના શતાબ્દી મહોત્સવે આ વ્યસનમુક્તિ દોડ દ્વારા પ્રમુખસ્વામીમહારાજનો સંદેશ આપવો. વધુ વિગત આપતા પૂ. મુનિવંદન સ્વામીએ જણાવ્યું હતું કે આ દોડવીર સુરતથી રાજકોટ વચ્ચે આવતા અનેક ગામોમાં વ્યસનમુક્તિનો સંદેશ અને જાગૃતિ આપતા જશે. લોકોને વ્યસનની ચુંગાલમાંથી છુટવાની પ્રેરણા આપતા આ યુવાન ૧૮ દિવસમાં ૪૫૦ કિ.મી. નું અંતર કાપીને તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ પ્રમુખસ્વામી મહારાજના જન્મોત્સવમાં રાજકોટ પહોંચશે.

# અગ્ર ચેતનાના સંદેશા સાથે નીકળેલી રથયાત્રાનું અંકલેશ્વરમાં સ્વાગત થયું

સમસ્ત દેશનાં અગ્રવલ સમાજનાં સભ્યોની આસ્થાના કેન્દ્ર સમા અગ્રસેન ભગવાનના સદ્ભાવના અને અગ્ર ચેતનાનાં સંદેશ સાથે નીકળેલી રથયાત્રાનું અંકલેશ્વર ખાતે સ્થાનિક અગ્રવાલ સમાજ દ્વારા સ્વાગત કરાયું હતું. અંકલેશ્વર ખાતે ૫૦ જેટલી કાર સાથે પુણેથી નીકળીને આગ્રા જઈ રહેલા સદ્ભાવના રથનું સ્થાનિક અગ્રણી અને ન.પ્રા.શિ. સમિતિનાં ઉપાધ્યક્ષ ગણેશ અગ્રવાલે ભાવભીનું સ્વાગત કર્યું હતું.

# ભરૂચની નવી વસાહત ખાતે ભાડાના મકાનમાંથી મહિલા અને તેના પુત્રનો મૃતદેહ મળી આવ્યો

ભરૂચના નવી વસાહત વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા અને રેલ્વેમાં નોકરી કરતા કર્મચારીની પત્નીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના બાળકનું દુપટ્ટા વળે ગળું દબાવી હત્યા કરી પોતે પણ પંખા પર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.બનાવની વાત વાયુવેગે પ્રસરી જતા લોકોને ટોળે ટોળા જામી ગયા હતાં.

બનાવની મળતી માહિતી અનુસાર શહેરની નવી વસાહત વિસ્તારમાં ભળાના મકાનમાં રહેતા અને રેલ્વેમાં સિગ્નલ વિભાગમાં ફરજ બજાવતા સતિષકુમાર ચૌધરીની પત્ની પુષ્પાકુમારી ચૌધરીએ ઘરમાં કોઈ અગમ્ય કારણોસર પ્રથમ પોતાના બાળક ઈશાંતકુમારનું ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી જાતે પુષ્પાએ પંખા સાથે ગળીઓ બનાવી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.સતીશકુમાર નોકરીમાં થી પરત આવેલા પતિએ દરવાજો ખોલતા પોતાની પત્નીની ગળેફાંસો ખાધેલી અવસ્થામાં તથા તેના પુત્રની લાશ જોઈ ચોંકી ઉઠ્યા હતા.તથા બુમાબુમ કરી મુકતા આસપાસના રહીશોના ટોળેટોળા એકત્રિત થઈ ગયા હતા.

જોકે સમગ્ર ઘટનાની જાણ ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે કરાતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવી માતા અને બાળકનો મૃતદેહ કબજે લઈ પોસ્ટ મોર્ટમ અર્થે ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી છે

આપઘાતનું કારણમાં સતિષ ચૌધરીએ જણાવ્યું હતું કે, પુષ્પા કેટલાય દિવસથી ગામ જવાની જીદ કરતી હતી પરંતુ મને નોકરીમાંથી રજા નતી મળતી હોવાથી જવાતું નતું અને અમારા બંનેવ વચ્ચે ઝઘડો થયો હતો. હાલમાં તો પોલીસ સમગ્ર મામલાની તાપસ કરીને બંનેવ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી તાપસ ચલાવી રહી છે.

# નર્મદા નદીના નાના પુલની બાજુના પાણીમાંથી માથા વગરની ડેથબોડી મળી આવી



ઝઘડીયાથી કબીરવડ જતા નર્મદા નદી પરના નાના પુલની બાજુમાં પાણીમાં માથા વગરની એક બિનવારસી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

ઝઘડીયાથી કબીરવડ જવા માટે નર્મદા નદીમાં કાચો રસ્તો બનાવેલ છે. જેમાં પાણીમાં એક નાનો પુલ બનાવવામાં આવ્યો છે.પુલ પરથી યાત્રાળુઓની અવરજવર રહે છે. પુલની બાજુમાં પાણીમાં કોઈ અજાણ્યા ઈસમની લાશ પડી હોવાની જાણ લીમોદરા ગામના સરપંચ જીગનેશ પારસીગ વસાવા ને થતા તેમણે ઝઘડીયા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. બનાવ સંદર્ભે પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા પુલની બાજુમાં જ પાણીમાં કોઈ અજાણ્યા ઈસમની લાશ જણાય આવી હતી.

પોલીસે હોડી દ્વારા નદી કિનારે લાવવામાં આવી હતી.મરનાર ઈસમે કાળા કલરનુ પેન્ટ પહેરેલ હતું.તે સિવાય શરીર પર કોઈ ન હતા.લાશનો માથાનો ભાગ જળચર પાણીઓ ખાઈ ગયા હોય એવું માલુમ પડતું હતું. ઝઘડીયા પોલીસે લાશ અંગે નોંધ કરી મરનારનું મોત પાણીમાં ડુબી જવાથી થયું છે કે કોઈ અન્ય કારણોસર થયું છે તેની તપાસ હાથ ધરી છે.

# નબીપુરના કરગટ ગામમા થયેલ ૪ લાખની લુંટનો ભેદ ઉકેલતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં બનતા મીલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટેની સુચનાથી ઈનચાર્જ પો.ઈન્સ કે.જે.ધ્રુક તથા પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા ભરૂચ એલ.સી.બી.ની ટીમ ભરુચ ને.હા.નં.૪૮ ઉપર નબીપુર રોડ ઉપર મીલ્કત સંબધી ગુના શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન જૈ ચૌહાણ ને બાતમી મળેલ કે નેશનલ હાઈવે નં ૪૮ ઉપર નબીપુરથી આગળ કરગટ ગામના પાટીયા પાસે ત્રણ ઈસમો રીક્ષા નં જી જે ૧૬ ડ ૭૭૮૨ માં શંકાસ્પદ લોખંડના ડ્રીલબીટ ભરી રહેલ છે જે બાતમીના આધારે કરગઢ ગામના પાટીયા પાસે ત્રણેય ઈસમો તથા રીક્ષા મા ભરેલ લોખંડ ના ડ્રીલબીટ સાથે પકડી પાડેલ અને ડ્રીલબીટ શંકાસ્પદ જણાતા તે સંબધે આધાર પુરાવા માગતા ગલ્લાતલ્લા તેમજ ઉડાઉ જવાબ આપતા હતા જેઓની ઉંડાણ પુર્વક પુછપરછ કરતા મરકેટર પેટ્રોલિયમ લિમેટેડ કંપની માથી ચોરી કરેલ હોવાનુ જણાવે છે

આ કામે આરોપી કનુભાઈ વિઠ્ઠલભાઈ પાટણવાડીયા મરકેટર પેટ્રોલિયમ લિમેટેડ કંપનીમાં નાઈટ વોચમેન તરીકે નોકરી કરતા હોય અને આર્થિક સંકડામણ હોય જેથી મિન્હાજ સાથે મળી તેની નોકરી દરમ્યાન ડ્રીલબીટ ચોરી કરાવી જે ચોરીની જાણ સાથેના વોચમેન પ્રદીપસિંહ તથા રણજીતસિંહ ને થતા કનુભાઈએ કંપનીના સુપરવાઈઝરને રાત્રે ચોર આવેલા અને અંધારાનો લાભ લઈ ડ્રીલબીટ નંગ-૮ ચોરી કરી લઈ ગયેલ છે જે ખોટી હકીકત જણાવેલ અને પોલીસે તપાસ દરમ્યાન ડોગ સ્કોડ આવાનો હોય જેથી બાજુના ખેતર ખેડાણ ના કરવા કહેતા ડોગ સ્કોડ દ્વારા તેમનુ કાવતરૂ બહાર ના આવે જેથી આ કનુભાઈએ પ્રદીપસિંહ મારફતે ખેતર ખેડી પાણી વાળી દીધેલ હતુ તેમજ તપાસમા આવેલ પોલીસને ખોટી દોરવણી કરી ગુનો છુપાવવાનો આરોપીઓ પ્રયત્ન કરેલ છે જેથી આરોપીઓએ નબીપુર પો.સ્ટે. ગુ.ર.નં.-૧-૮૦/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૯૨, ૩૨૫, ૪૪૭, ૧૧૪ મુજબના ગુનાની કબુલાત કરેલ છે

**પકડાયેલ આરોપીઓ-**

(૧) મિન્હાજ મકબુલ ઈસ્માઈલભાઈ ઉઘરાદાર રહે.કરગટ મસ્જીદ ફળીયુ મકાન નં ૭૧ તા.જી.ભરૂચ

(૨) કનુભાઈ વિઠ્ઠલભાઈ પા.વા. રહે કરગટ નવીનગરી તા.જી.ભરૂચ

(૩) મોઈન એયુબ વ્હોરા પટેલ રહે. એસ.કે.,નગર પાલેજ તા.જી.ભરૂચ જયારે જપ્ત કરેલ મુદામાલ - (૧) ડરલબીટ નંગ ૮ની હિં ૪.૦૦-૦૦૦/-(૨) સેમસંગ મોબાઈલ કિં રૂ ૨૦૦૦/-(૩) રીક્ષા કિં રૂ ૫૦,૦૦૦/- અંગ ઝડતીના રોકડા રૂપીયા ૫,૩૦/-મળી કુલ્લે મુદધમાલ કિ.રૂ ૪,૫૮,૩૩૦/-નો કબ્જે કર્યો છે.

# પાંડેસરામાં તેરેનામ ચોકડી નજીક બે બાઈકો વચ્ચે જોરદાર ટક્કર : એકનું મોત

સુરત

સવા નવ વાગ્યાના સુમારે પાંડેસરા તેરેનામ ચોકડી પાસેથી વડોદ જવાના રસ્તા પર બે બાઈક સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે દુર્ઘટના સર્જનાર બાઈક ચાલક નાસી છુટ્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાંડેસરા પોલીસ કોલોની પાસે રહેતો ૫૦ વર્ષીય અનુસીયા પાંડે સચીન જીઆઈડીસી ખાતે ડાઈંગ મિલમાં જોબ કરે છે. આજે સવારે નવેક વાગ્યાના સુમારે ઘરેથી પોતાની પેશન મોટર સાયકલ ઉપર નોકરીએ જવા નીકળ્યો હતો. તેરેનામ ચોકડી પાસેથી વડોદ તરફ જવાના રસ્તા પાસે અનુસીયા પાંડેની બાઈકને અન્ય બાઈક ચાલકે પૂરઝડપે ટક્કર મારી ગંભીર અકસ્માત કર્યો હતો. અકસ્માત બાદ તે બાઈક લઈને ત્યાંથી નાસી છુટ્યો હતો. ઘટના સ્થળે જમા થયેલ અન્ય રાહદારીને અને વાહન ચાલકો દ્વારા તત્કાલીત ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. ૧૦૮ની ટીમે ગંભીર રીતે ઘવાયેલ અનુસીયા પાંડેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબો દ્વારા તેને મૃત જહેર કર્યો હતો. આ બનાવ અંગે પાંડેસરા પોલીસે ગુનો નોંધી નાસી છુટેલ બાઈક ચાલકને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

# પાલેજ હાઈવે પર આઈસર અને ઈકો ગાડી વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં એક યુવતી ગંભીર



અમદાવાદથી ભરૂચ ભાણીની સગાઈમાં જઈ રહેલા પરિવારને ને.હાઈવે ૪૮ પર પાલેજ નજીક અકસ્માત નડતાં એક યુવતી ગંભીર રીતે ઘવાતા જેને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડાઈ હતી.

અકસ્માતની માહિતી અનુસાર રવિવારના રોજ સવારે નવ વાગ્યાના અરસામાં નેશનલ હાઈવે પાલેજ ચોકડી નજીક ફ્લાય ઓવર બ્રીજના ઉત્તર તરફના છેડા નજીક ઈકો કાર નંબર જીજે-૨૭-બીએસ-૧૨૫૪ માં અમદાવાદના કમલેશ રામદાસ રહે. અમદાવાદ,. બી-૬૭, સ્વામિનારાયણ નગર સર્કલ પાસે નિકોલ ગામ રોડનાઓ ઈકો કારમાં પરિવાર સાથે સવારે ભરૂચ બહેનની દીકરીના સગપણમાં જઈ રહ્યા હતા.દરમિયાન પાલેજ નજીક પાછળથી આવતી આઈસર ટેમ્પો ચાલકે ટક્કર મારતાં ઈકો કાર ડિવાઈડર ઉપર ચઢી ફરી જતાં ટ્રકની ટક્કરમાં કારનો દરવાજો દબાઈ ગયો હતો અને કારની પાછળનો કાચ તૂટી જઈ પાછળની સીટ ઉપર બેઠેલી યુવતી ફગોળાઈ બહાર પડી જતાં ટ્રકની અડફેટેમાં આવી જતાં માથાના ભાગે તેમજ ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ પોહચતાં તેણીને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડાયા હતી. ટેમ્પો ચાલાક અકસ્માત સર્જીને ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ પાલેજ પોલીસ મથક થતા પાલેજ પોલીસ બીટ જમાદાર રમેશ ફતેસિંહએ ફરાર ટેમ્પો ચાલાક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લાંચ કેસમાં ચાર્જશીટ રજૂ થતા મોહન સુમરાની જામીન અરજીની સુનાવણી

સુરત

સૈયદપુરાના એક બિલ્ડર પાસે રૂા. ૭૫ હજારની લાંચ માંગવાના ગુનામાં ઝડપાયેલા મોહન સુમરાના એડવોકેટ કલ્પેશ દેસાઈ તથા વિરલ ચલીયાવાળા દ્વારા રજૂ કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી આજે હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે કે, વોર્ડ નંબર-૧૧ના ભાજપની મહિલા કોર્પોરેટર નેન્શી સુમરાના પિતા મોહન સુમરા તથા પ્રિન્સ સુમરા એ એક બિલ્ડર પાસે ગેરકાયદેસર બાંધકામમાં કોઈ અધિકારીની હેરાનગતિ નહીં થાય તે માટે બિડર પાસે રૂા. ૭૫ હજારની લાંચ માંગવા આપી હતી. બિલ્ડરે એસીબીનો સંપર્ક કરતા અધિકારીઓ દ્વારા છટકુ ગોઠવી પ્રિન્સ સુમરાને રંગેહાથે ઝડપી પાડયો હતો. અને ત્યારબાદ એસીબીએ પિતા મોહન સુમરા તથા નેન્શી સુમરાની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. છેલ્લા અઢી મહિનાથી લાજપોર જેલમાં બંધ મોહન સુમરાએ જામીન અરજી રજૂ કરતા આજે તેની સુનાવણી આજે બપોરે સુધીમાં હાજ ધરાશે. ચાર્જશીટ રજૂ કરાયા બાદ મોહન સુમરાએ પહેલી વખત જામીન અરજી રજૂ કરી હતી.








